# સ્વરસેતુ

## ન્યૂઝ ડાયજેસ્ટ

માર્ચ ૨૦૨૦





ખાંડેકર કુટુંબની ૭૫ વર્ષની અખંડ સંગીતયાત્રા 'સ્વર-કલ્પના' ઉજવાઈ.




ગુલમ્હોરી સાંજનો મિજાજ
'સ્વરોત્સવ'




'ટ્રાન્સમીડિયા' દ્વારા
સન્માનિત કલાકારો


SHYAMAL-SAUMIL
the musical odyssey
Musically Yours
Musically
Yours
Newly Launched
Music Pendrive
Marketed by : Wonder Waves Entertainment Pvt. Ltd., 707, Shitiratna, Panchavati Cross Road, Ellisbridge, Ahmedabad - 380006.
Contact us : 079-26561834/35, 9825045957, Visit us at: www.shyamalsaumil.com
/shyamalsaumil
/shyamalsaumilmunshi
/shyamalsaumilofficial
/shyamalsaumil



Yellow Sapphire



# CERTIFIED GEMSTONES

with Buy Back Guarantee



Ruby



Emerald



Pearl



Coral



Diamond



Blue Sapphire



Hessonite



Cat's eye

## RATNAश्री®

## Gems & Jewels

42, Super Mall, Nr. Lal Bungalow, C.G. Road, Ahmedabad
Ph.: (+91-79) 2643 0930, 2642 4747, +91-98254 30930, 99250 23333
Email: ratnashree09@yahoo.com, **www.ratnashree.com**

# સંપાદકનું સારેગમ

**સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટ**

કવિ સુરેશ દલાલના ગીતનો ઉઘાડ છે:

**તમે વાતો કરો તો થોડું સારું લાગે,**
**આ દૂરનું આકાશ મને મારું લાગે.**

માણસનો માણસ સાથેનો સંવાદ ખૂબ જરૂરી છે. ક્યારેક આવી વાતો જીવનનું ભાથું બની જતી હોય છે. નબળી ક્ષણો સચવાઈ જતી હોય છે અને સોનેરી ક્ષણો બનીને જીવાઈ જતી પણ હોય છે. ઘણીવાર ઘણાબધા લોકોની વચ્ચે ઘેરાયેલાં હોઈએ પણ એકલાં હોવાનું અનુભવાય. વાતચીતનો સેતુ ન રચાય અને લાગણીઓ ઝૂર્યા કરે. તો ક્યારેક એકાદ વ્યક્તિની હાજરી પણ મેળા જેવી લાગે.

ક્યારેક આપણે આવો સંવાદ છોડીને ફરિયાદ વધુ કરતાં હોઈએ છીએ. કદાચ આપણી વાત સાંભળવા માટે આતુર કોઈ હોય કે ન પણ હોય ત્યારે ભીતરનો સંવાદ પણ સાધી શકાતો હોય છે. અને એમ આપણને આપણી જ ઓળખાણ થઈ શકે. આ બધું ભૂલીને આપણે વાતો તો કરતાં રહીએ છીએ પણ બીજાની. આમ કરવાથી એક અશાંતિ, ઈર્ષા સર્જાતી રહે છે અને મનનો કોલાહલ શાંત થતો નથી જે આપણને સ્થિર પણ થવા નથી દેતો. આવી ક્ષણે આપણી વાતને કોઈ સાંભળે અને સમજે ત્યારે આપણી વેદના પણ વેદ બની જાય છે.

વાતેવાતે વાંકું પાડવાને બદલે સહજનો સ્વીકાર કરીએ ત્યારે એક નાનકડું ફૂલ પણ બાગ લાગવા માંડે છે. કોઈકની વાણીના પ્રવાહમાં તણાયા કરવું એ પણ એટલું જ જોખમી બની રહે છે. ક્યારેક કોઈકનું મૌન પણ સમજાઈ જતું હોય છે અને લાગણીની લિપિમાં અંકિત થઈ જતું હોય છે.

આવી મનને અને હૈયાને સભર કરે એવી વાતોની સૌને જીવનભર તરસ રહેતી હોય છે. આવી ખારપને દૂર કરી દઈ મીઠાશ સૌને મળતી રહે એ જ આશા.

**—સૌમિલ મુનશી**


વર્ષ: ૯/અંક: ૧૧૧/માર્ચ ૨૦૨૦
**તંત્રી અને સંપાદક :**
સૌમિલ મુનશી
**પ્રકાશક :**
સૌમિલ મુનશી, શ્યામલ મુનશી
પરામર્શક: તુષાર શુક્લ
**ડિઝાઈન :**
www.e-shabda.com
**તસવીર પરામર્શક :**
વિવેક દેસાઈ, હર્ષ ઓઝા, કરણ વાધવાણી

**ઑફિસ એક્ઝિક્યુટિવ :**
જિગીષા જાની
**સહાય :** ગોપાલ પઢિયાર

**કાર્યાલય :** સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટ
૭૦૭, શીતિરત્ન,
અવિનાશ વ્યાસ ચોક, (પંચવટી),
એલિસબ્રિજ, અમદાવાદ ૩૮૦ ૦૦૬
ફોન: (૦૭૯) ૨૬૫૬૧૮૩૪-૩૫
કુલ પેજ: ૪૪

**ઇ-મેલ :**
તંત્રી: saumil@shymalsaumil.com
પ્રકાશક: swarsetu123@gmail.com
છૂટક મૂલ્ય
₹ ૫૦/-
વાર્ષિક લવાજમ (વર્ષમાં ૧૨ અંક)
દેશમાં રૂ. ૪૦૦/- (ટપાલ ખર્ચ સાથે)
વિદેશમાં : અમેરિકન ડૉલર ૫૦/-
બ્રિટિશ પાઉન્ડ ૩૦/-
(દરેક દેશ માટે પ્રતીક ટપાલ ખર્ચ સાથે)



(આ સામયિકમાં સમાવિષ્ટ પ્રત્યેક લેખો માટે જે-તે લેખકના અંગત અભિપ્રાય છે. તે માટે સંપાદક/પ્રકાશક સંમત છે જ એ જરૂરી નથી. તે માટેની નૈતિક જવાબદારી પ્રકાશક/સંપાદકની રહેતી નથી.)



દર મહિનાની ૧૪મી તારીખે પ્રકાશિત થતું **'સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટ'** પોસ્ટ દ્વારા મોકલવામાં આવે છે. રવાના થઈ ગયા પછી કોઈ ગ્રાહકને અંક ન મળે તો તેની જવાબદારી અમારી રહેતી નથી. પરંતુ પંદર દિવસમાં પત્ર લખવાથી અથવા ઈ-મેઈલ દ્વારા જાણ કરવાથી ઉપલબ્ધ હશે તો અંક જરૂર મોકલવામાં આવશે.
નોંધ: લવાજમની રકમ રોકડથી, ચેક, મનીઓર્ડર કે ડ્રાફ્ટ દ્વારા જ મોકલવી. મનીઓર્ડર કે ડ્રાફ્ટ **વન્ડરવેવ્સ એન્ટરટેઇનમેન્ટ પ્રા. લિ.** ના નામે લખવો.
**Printed and Published by** SAUMIL PARESH MUNSHI on behalf of WONDER WAVES ENTERTAINMENT PVT. LTD. and **printed at** Sahitya Mudranalaya Pvt. Ltd., 55/14, City Mill compound, Kankaria Road, Ahmedabad-380 022 and **Published form** 707, Shitiratna, Avinash Vyas Chowk, Panchavati, Ellisbridge, Ahmedabad-380 006. **Editor**-SAUMIL PARESH MUNSHI

સ્વરસેતુમાં પ્રિયજનની યાદ. અમારા વડીલ પરમપૂજ્ય શ્રી ક્ષેમુભાઈ તથા વંદનીય રાસભાઈની યાદ અમર ભટ્ટે કરાવી. શ્રુતિ સંસ્થાના સંસ્મરણો મને તાજા થયા. લાગણીશીલ સૂરના બાદશાહોને મારા પ્રણામ. સ્વરસેતુના સંચાલકોને મારા ખૂબ ખૂબ અભિનંદન.

**— મૃદુલા પરીખ, અમદાવાદ**

'સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટ'માં મનોજ ખંડેરિયાની સર્જનયાત્રા વિશે જયન્ત ઓઝાનો રસપ્રદ લેખ વાંચવા મળ્યો. 'શ્રુતિ'ના પાયા રાસબિહારી દેસાઈનું સુગમસંગીતને આપેલ યોગદાન અને તેમની સંગીત પ્રીતિ અને સમજણ વિશે વાંચીને ખરેખર આનંદ થયો. આજકાલના યુગમાં આટલી ચીવટથી તેમણે સંગીતને મઠાર્યું હતું અને તેમની જ રાહબરી હેઠળ ઘણાં કલાકારો સંગીતને મળ્યા છે તે પણ જાણ્યું. અમર ભટ્ટનો લેખ 'સંગીતના સગપણ' કાયમ સંગીત સાથે એક સગપણ રચે છે.

'સ્વરસેતુ' સંસ્થાનો કાર્યક્રમ વિશેનો અહેવાલ વાંચ્યો. આપની પ્રયોગશીલતા માટે માન અને ગૌરવ થાય છે. જ્યાં સુધી સંગીતમાં આવા નાવીન્યસભર વિષયો આવરી લેવાશે તો કદાચ આપણી ભાષા અને સંગીત બંને જીવંત રહેશે એવો મને વિશ્વાસ છે. આજની યુવા પેઢી શ્રીકાંત શાહની નાટ્ય ક્ષમતાથી અપરિચિત હોઈ શકે પણ હું નહીં. તેમના દેહાવસાન વિશે જાણીને દુઃખ થયું.

સંગીત અને સાહિત્યમાં સતત કંઈક નવું આપવા બદલ શુભેચ્છા પાઠવું છું.

**— હરેશ ત્રિવેદી, ગાંધીનગર**

'સ્વરસેતુ'નો કાર્યક્રમ 'શબ્દની આંખે, સ્વરની પાંખે' ઊઘડતું આકાશ એક અદકેરો કાર્યક્રમ બની રહ્યો. ભાગ્યે જ કોઈને ખબર હોય છે કે એક ગીત બે સ્વરકારોએ સ્વરબદ્ધ કર્યું છે. જેનો એક અલગ અંદાઝ છે સાંભળીને જ લાગે કે દરેક સ્વરકારે તેને યોગ્ય ન્યાય આપ્યો છે. એક શ્રોતા તરીકે ગીતોના બે અલગ અલગ સ્વરાંકનો સાંભળવાની  મજા પડી.

આપનો દરેક કાર્યક્રમ યુનિક રીતે ડિઝાઇન થયેલો હોય છે. ગાર્ગી વોરા, પરાગી અમર, અર્ચિત પાટડિયા, અમન લેખડિયા અને આપે, દરેક ગીતને યોગ્ય ન્યાય આપ્યો. અમને પણ નવા ગીતોનાં ઊઘડતાં આકાશનો પરિચય કરાવવા બદલ આભાર.

**— મોહન પટેલ, અમદાવાદ**

રાજેશ વ્યાસ 'મિસ્કીન'

# કશ્કોલમાં



શું ય આવીને ભળે કશ્કોલમાં,
સ્વાદ અમૃતનો મળે કશ્કોલમાં.

શ્વાસના સિક્કા ખખડતા સાંભળું,
પ્રાર્થના એ સાંભળે કશ્કોલમાં.

લોકને આવે દયા, પણ શું કહું?
આ ફકીરી ઝળહળે કશ્કોલમાં.

મૂંઝવણ-પ્રશ્નો ભલેને આવતા,
સર્વ રસ્તા નીકળે કશ્કોલમાં.

કેન્દ્રબિંદુ એ કૃપાનું લાગતું,
સાત દરિયા ઉછળે કશ્કોલમાં.

એ અમીરી જન્મ લેવાને ફરી,
કૈંક વેળા ટળવળે કશ્કોલમાં.

સગપણો—આંસુ રિસાઈને ગયા,
આજ એ પાછા વળે કશ્કોલમાં.

હચમચી ઊઠો બને એવું બધું,
પણ કશું ના ખળભળે કશ્કોલમાં.

મૃગજળો પણ થઈ જતાં મીઠાં ઝરણ,
કોણ ત્યાં કોને છળે કશ્કોલમાં.

છે હવે મિસ્કીન અસલી જીવવું,
સૂર્ય ઊગે ને ઢળે કશ્કોલમાં.

— રાજેશ વ્યાસ 'મિસ્કીન'

કશ્કોલ એટલે ભિક્ષાપાત્ર. ફકીરના હાથનું ભિક્ષાપાત્ર. કોઈ સાધુ-સંન્યાસીના હાથમાં રહેતી તૂંબડી, છાલિયા જેવું વાસણ. કદાચ કોઈ રંગ વગરનો કે કદાચ બધા જ રંગો ઊડી ગયેલું ભિક્ષાપાત્ર મેં જોયું છે તમે પણ જોયું હશે.

બાળપણમાં ગામડે જઉં ત્યારે તાંસળીમાં શિરામણ કરવાની મજા આવતી. એટલે કે મોટ્ટા છાલિયામાં બ્રેકફાસ્ટની મજા આવતી. તાંસળીમાં ચા પીવી ગમતી. ફકીરો સાથે, સાધુઓ સાથે ખૂબ બેઠો છું અને તેમના હાથમાં રહેલ એ ભિક્ષાપાત્રને જિંદગીના મોટાભાગના વર્ષોમાં ઘણાં અહોભાવ વશ જોતો રહ્યો છું. વંદન કરતો રહ્યો છું. આ કશ્કોલ, આ તૂંબડી, આ ભિક્ષાપાત્ર એ એકમાત્ર ઘરવખરી. એમાં જ ચા પીવાની, એમાં જ જમવાનું, એમાં જ પાણી પીવાનું, એમાં જ કોઈને જે મૂકવું હોય તે મૂકી જાય. ખભે ઝોળી અને હાથમાં કશ્કોલ એટલે હરતુંફરતું ઘર. મેં ફકીર હોય કે સાધુ ભિક્ષાપાત્રમાં નીચી નજરે એ પરમચૈતન્યનું નામ લેતા સાંભળ્યા છે? અને પછી તો એક દિવસ જોયું કે તેમનું આ ભિક્ષાપાત્ર એ જ જાણે એમનું સર્વસ્વ છે. ઘણીવાર મોટાભાગની વાતો એ ભિક્ષાપાત્રની અંદર નજર કરીને જ કરતા હોય છે. ઘણીવાર આખા વિશ્વનો વૈભવ તેમના આ કશ્કોલમાં ઊતરી આવ્યો હોય એમ પ્રસન્ન મુદ્રાઓમાં આ ઉપાસકોને જોયા છે અને એક દિવસ ભેટમાં મને પણ કશ્કોલ મળ્યું.

તમે દેશી ભોજનનો સ્વાદ કદી લીધો છે? સ્પુન અને ફોર્કને છોડીને? હાથેથી ગામડામાં બેસીને કોઈક સાંજે વાળું કર્યું હોય તે અનુભવ્યું છે? કોઈ પણ પ્રકારના મસાલા નાંખ્યા વગરની મગની ફોતરાવાળી દાળની, ઘી નાખેલી ખીચડી બહુ બહુ તો છાશ કે દહીં નાંખીને હાથેથી ચોળીને ખાવાનો પરમ આનંદ અનુભવ્યો છે? કદાચ હવે લાઇફસ્ટાઇલ એટલી બદલાઈ ગઈ છે કે આવું બધું થોડુંક અજુગતું લાગે. ભારત દેશના ત્યાગીઓને, પરમની સાથે અનુસંધાનમાં ખોવાઈ ગયેલા માણસો સાથે આવા કશ્કોલમાં બસ આમ જ જમ્યાનું સુખ માણ્યું છે. નર્મદાના રંગઅવધૂત મહારાજના આશ્રમના કિનારે કે કોઈ દરગાહ પાસે બેઠો છું. સદાવ્રતની ખીચડી પણ ખાધી છે. પરમઆનંદ એ થાય કે આવા ભેળસેળિયા જગતમાં આવા સીધાસાદા ભોજનમાં કોણ આવો અમૃતનો સ્વાદ ભેળવતું હશે. વર્ષો પછી બે જ શબ્દો જડ્યા છે. પ્રેમ અને શ્રદ્ધા. પૈસા અને બુદ્ધિ વગર જીવી શકાય પણ પ્રેમ અને શ્રદ્ધા વગર જીવવું અશક્ય છે. પ્રેમ અને શ્રદ્ધા વગરનું જીવન એ જીવન નથી. મૃત્યુથી બદતર પરિસ્થિતિ છે.

પ્રત્યેક પળે સતત એ ઈશ્વરનો આભાર માનીને, અન્નપૂર્ણા દેવીનો આભાર માનીને જીવાતું જીવન જમતી વખતે ભોજનમાં અમૃતનો સ્વાદ મૂકી આપે છે. હવે મને મારા કશ્કોલમાં એવો રસ પડી ગયો છે કે તે કદી ખાલી હોતું નથી. કશું જ હોતું નથી ત્યારે તેમાં હવે બચેલા આયુષ્યના શ્વાસના સિક્કાઓ ખખડતા હોય છે. એ સિક્કાના ખખડાટમાં પ્રત્યેક શ્વાસે લાગ્યા કરે છે કે પ્રાર્થના ચાલ્યા કરે છે અને એ ઈશ્વર મંદિરથી વધારે જાણે મારી પ્રાર્થના આ કશ્કોલમાં સાંભળે છે.

**ઝાહિદ, મને રહેવા દે તબાહીભર્યા ઘરમાં,**
**મસ્જિદથી વધારે અહીં આવે છે ખુદા યાદ.**

**— મરીઝ**

કોઈને આ કશ્કોલ જોઈને દયા આવે છે. પણ એ લોકોને શું કહી શકાય? એમને ખબર નથી કે આ ફકીરીનું તેજ-તપ એ કશ્કોલના ખાલીપામાં ઝળહળે છે. જીવન એટલે જ પ્રશ્નો અને મૂંઝવણો. કોઈ નવા પ્રશ્નોનો સામનો ન કર્યો હોય એવું ભાગ્યે જ બને છે. પરંતુ પ્રેમ અને શ્રદ્ધા જાણે કે તેના આ દેહરૂપી કશ્કોલમાંથી બધા જ રસ્તા નીકળવાના છે. એ પરમની કૃપાનું જાણે કેન્દ્રબિંદુ આ કશ્કોલ બની ગયું છે. સાતે સાત દરિયા એ દરિયા ગમે તેના હોય આ કશ્કોલની સીમામાં રહીને તેને ઉછળતા જોઉં છું.

ભલાભલા શ્રીમંતોને આ કશ્કોલનું શરણનું શરણ લેતા મેં જોયા છે. આ જન્મે તો આવા ના બની શકાયું. પણ હે પ્રભુ! આવતા જન્મે આવું શુદ્ધ અને પવિત્ર જીવન અમને

આપજે એવી પ્રાર્થના કરતા મેં શ્રીમંતોને જોયા છે. ક્યારેક સંસારના સગપણો તૂટી ગયા હતા ત્યારે, ક્યારેક આંસુઓ આવ્યા જ નહોતા ત્યારે તેમને રોકી કે મનાવી નહોતા શક્યો. અનુભવોની સાથે-સાથે જીવન પણ વધુ ઊંડુ બનતું જતું હોય છે. હવે એ રિસાઈ ગયેલા આંસુ અને સગપણો સમજણ બનીને કશ્કોલમાં પાછા વળતા દેખાય છે. હવે મન ધીરે-ધીરે બધા સુખ-દુઃખને એ રીતે જોતું થઈ ગયું કે સામાન્ય સંસારી જે દુઃખોને જોઈને હચમચી ઊઠે એ દુઃખો જેના હાથમાં કશ્કોલ છે એને નડતા પણ નથી અને અડતા પણ નથી. દુનિયા આમની તેમ થઈ જાય તો પણ કશ્કોલમાં હવે કશું ખળભળતું નથી.

તમે ભલભલાને છેતરી શકો છો પણ તમે તમારા આત્માને નહીં. દંભ કરતા ખોટા મૃગજળ જેવા માણસો પણ આવા કશ્કોલ પાસે, આવા ભિક્ષાપાત્ર પાસે સીધા અને સરળ થઈ જાય છે. જાણે ઝાંઝવા મીઠાં ઝરણ બની જાય છે. કોણે કોને છેતરવાનો અને શા માટે? જ્યારે ઈશ્વરના આશરે, પ્રત્યેક પરિસ્થિતિના સ્વીકારમાં માણસ જીવતો થઈ જાય છે ત્યારે તેના મનનું રૂપાંતર થઈ ચૂક્યું હોય છે. પછી તેને માટે આ દુનિયામાં કોઈ ખરાબ રહ્યું નથી હોતું. આખી દુનિયા તેને મદદ કરતી હોય છે. ફકીરોની અને ફક્કડોની આ જ મસ્તી છે. મને પણ મારું અસલી જીવન, જીવનનો સાર આ કશ્કોલમાંથી જડ્યો છે. હવે કશ્કોલમાં જ સૂર્ય ઊગે છે અને ઢળે છે. હવે માત્ર બે ટંકના ભોજનનું એ પાત્ર નથી રહ્યું. હવે આ કશ્કોલ એટલે દેહ... આ કશ્કોલ એટલે મન... આ કશ્કોલ એટલે આ જગત... આકાશ... બધું જ.





વિનોદ જોશી

# કે તરત એક કાગળ તને હું લખું છું...



અમસ્તું-અમસ્તુંય પગલું જડે કે તરત એક કાગળ તને હું લખું છું,
સુગંધી-સુગંધી કશું કૈં બને કે તરત એક કાગળ તને હું લખું છું;

અહીં સાંજ ઢળવાની રીતો છે નોખી ને નોખી અદાઓમાં ફૂલો ખરે છે,
અહીં એક અક્ષરને અક્ષર અડે કે તરત એક કાગળ તને હું લખું છું;

નજરમાં ભરેલું સરોવર ને ભીતર તરંગો સમાવું છું લાખો છતાંયે,
કમલપત્ર પરથી જરી જલ સરે કે તરત એક કાગળ તને હું લખું છું;

ઘણી ઘટ્ટ ભીની હઠીલી એ સોડમ અને કૈંક સાકાર સાકાર થાતું,
નવી ચાકડે કોઈ માટી ચડે કે તરત એક કાગળ તને હું લખું છું;

ગઝલની નદી એક જેમાં હું સૃષ્ટિને આખી ડૂબેલી નિહાળું યથાવત્,
કદી એક કાગળની હોડી તરે કે તરત એક કાગળ તને હું લખું છું.

— સુરેન્દ્ર કડિયા

જીવનમાં ધન્યતાની જે પળો સાંપડે છે તેને કોઈની પાસે વ્યક્ત કરીને ધન્ય ન થવાય ત્યાં સુધી ધન્યતાનો એ અનુભવ અધૂરો રહે છે. કહેનાર અને સાંભળનારની જુગલબંદી સિવાય સંવાદ થઈ શકતો નથી. ઘણીવાર વક્તાને શ્રોતા વિના વક્તવ્ય સમેટી લેવું પડે છે. તો ઘણીવાર શ્રોતાને કર્ણોત્સવ સાંપડતો નથી. પ્રત્યક્ષ ઉપસ્થિતિ હોતી નથી ત્યારે જે કંઈ કહેવાનું છે તે પત્રરૂપે ઊતરે છે. પછી તે મોકલાય, વંચાય અને તેની પ્રતિક્રિયા મળે તો મળે એમ બને.

પ્રહ્લાદ પારેખની બે પંક્તિ અહીં યાદ આવે છે:

**આવે ત્યારે દઈ નવ શકું અંતરે જે ભર્યું તે,**
**જાયે ત્યારે સહી નવ શકું અંતરે જે રહ્યું તે.**

અહીં, આ ગઝલમાં કવિ પોતાના આહ્લાદને પત્રરૂપે લખવા કઈ પળે ઉત્સાહી બની ઊઠે છે તેના કેટલાંક સુંદર વર્ણનો છે. આ કારણો કેવળ કાર્યકારણ સંબંધો પૈકી ગણાવી દેવાય તેવા નથી. ક્રિયા-પ્રતિક્રિયા જેવી સ્થૂળ ઘટનામાં એને ગોઠવી દેવાય તેમ પણ નથી. અહીં વાત કંઈક જુદાસ્તરેથી બને છે અને તેનું પરિણામ પણ કંઈક અનોખું જ આવે છે.

'તરત એક કાગળ તને લખું છું એવો દીર્ઘ પંક્તિખંડ પુનરાવર્તિત થાય છે ત્યારે 'તરત'માં, લખવામાં કે કાગળમાં આપણને રસ પડે તે કરતાં 'તને'માં વધુ રસ પડે છે. 'તને' શબ્દ જ કવિનો એક સામો છેડો સૂચવે છે. કેવળ આ એક શબ્દથી જ આખી ગઝલ એક તરફની વાત બની જાય છે. એ વાત ખુલ્લી છે, જાહેર છે. પણ બીજી તરફ શું થાય છે તેનો ખ્યાલ કે ખુલાસો કવિ આપતા નથી. જો અહીં આવું બન્યું છે તો તે જાણીને ત્યાં કેવું બન્યું હશે તેના સંભવનો કલ્પનાવિસ્તાર આ ગઝલને અનેક દિશાએથી ઘેરી વળે છે અને તે છતાં છેવટે કશુંક હાથમાં રહી જાય છે, તે અંતિમ તો નથી જ. પત્ર લખવાનો ઉપક્રમ કેવળ પત્ર લખવામાં જ સીમિત થઈ જતો નથી. કોઈપણ રીતે અભિવ્યક્ત થવા સુધીના અર્થની તેમાં વ્યાપ્તિ જોઈ શકાશે. છેવટે તો આ અર્થ પણ ઓગળી જાય છે અને કેવળ સૌંદર્ય જ ટકે છે. એવું થાય તો જ એ ખરી કવિતા.

આમ જોઇએ તો આંખોથી જ બધું દેખાય છે. પણ તેમ જોઇએ તો, આંખો બંધ કરીએ ત્યારે અનેકગણું વિરાટ દર્શન સાંપડતું હોય છે. દરિયો ઘૂઘવતો હોય તે કરતા હૈયું ઘણીવાર વધુ ઘૂઘવતું હોય તેવી આ વાત છે.

ગઝલના પહેલા શે'રનો પહેલો શબ્દ જ 'અમસ્તું' છે. વળી તે બેવડાયો પણ છે. 'પગલું' શબ્દ આવતાં જ સ્મરણનો સંદર્ભ જાગે છે. વળી પગલું ત્યારે જ હોય જ્યારે ચાલનાર હાજર ન હોય. પગલું જડતાં જ ગતિનો અર્થ પણ મળે. ભૂતકાળનો અર્થ પણ મળે. આમેય વર્તમાનમાં જીવતો માણસ મોટેભાગે તો ભૂતકાળમાં જ જીવતો હોય છે. અકારણ જ કેટલાંક સ્મરણ અચાનક ચિત્તમાં ઝબકી જતાં હોય છે જેને કહ્યા સિવાય રહી શકાતું નથી. એ અનુભવ એવો તો સુગંધી સુગંધી હોય છે કે તેને તાળું મારી શકાતું નથી. એ ગમે ત્યારે છલકી ઊઠે છે. આવું જ્યારે પણ બને ત્યારે તરત વ્યક્ત થઈ જવા મન ઉધામા કરે છે. શ્રોતા વગર વક્તા નિરુત્સાહ થઈ જાય છે. પણ અહીં કવિને ઝીલનાર સામે છેડે કોઈ બેઠું છે, અને એટલે તરત એને કાગળ લખવા કવિની કલમ સક્રિય બની જાય છે.

બહુ સ્પષ્ટ છે જેને કાગળ લખાઈ રહ્યો હશે તે પાત્ર નજર સામે તો નહીં હોય, ક્યાંક બીજે કોઈ સ્થળે હશે. એવા સ્થળે કે જ્યાં અહીં કરતા કશુંક જુદું હશે. કવિ એ જાણે છે અને એટલે જ લખે છે:

**અહીં સાંજ ઢળવાની રીતો છે નોખી,**
**ને નોખી અદાઓમાં ફૂલો ખરે છે.**

અક્ષરને અડકીને ઊભો રહી જતો બીજો અક્ષર શબ્દ સુધી અને પછી છેવટે વાક્ય સુધી પહોંચી જાય ત્યારે એને કાગળમાં લખ્યા વિના કેમ ચાલે?

પોતાની પરિસ્થિતિ વિલક્ષણ છે તેવી શેખી મારવાનું સહુ કોઈને ગમતું હોય છે. વાત ભલે ફૂલોના ખરી જવાની હોય તો પણ તેના ખરવાની અદાનો અંદાઝ પણ માણવા જેવો ક્યારે લાગે? સાંજ ઢળતી હોય છતાં એની નિરાળી રંગ છટાનો આહ્‌લાદક મહત્ત્વનો લેખાય. આવી રહેલા અંધારાને કોણ યાદ કરે? આ નોખાપણું જ તો જીવનનો અસલી રંગ છે. સાંજ ઢળવાનું અને ફૂલો ખરવાનું તો નિત્ય બન્યા જ કરે છે પણ સહુને સહુની સાંજ નોખી હોય છે. સહુને ફૂલોનું ખરવું પોતપોતાની રીતે દેખાતું હોય છે. એક શે’ર યાદ આવી ગયો:

**એક વાર મેં ફૂલો સમો દેખાવ કર્યો’તો,**
**આ એની અસર છે કે હું કરમાઈ રહ્યો છું.**

ક્રિયા-પ્રતિક્રિયાને તો આમ અનેકરૂપે જોઈ શકાય. પણ આપણા આ કવિ તો આવો કોઈક અનુભવ થતાં જ સીધા અક્ષરના મામલે સરકી જાય છે. અક્ષરને અડકીને ઊભો રહી જતો બીજો અક્ષર શબ્દ સુધી અને પછી છેવટે વાક્ય સુધી પહોંચી જાય ત્યારે એને કાગળમાં લખ્યા વિના કેમ ચાલે?

આમ જોઈએ તો આંખોથી જ બધું દેખાય છે. પણ તેમ જોઈએ તો, આંખો બંધ કરીએ ત્યારે અનેકગણું વિરાટ દર્શન સાંપડતું હોય છે. દરિયો ઘૂઘવતો હોય તે કરતા હૈયું ઘણીવાર વધુ ઘૂઘવતું હોય તેવી આ વાત છે. કવિ અહીં નજરમાં ભરેલા સરોવરની વાત કરે છે અને ઉમેરે છે કે ભીતર લાખો તરંગો સમાવી દીધાં છે. આ અનુભવ આમ જોઈએ તો કેટલો સંતર્પક હશે! આથી વધુ તૃપ્તિદાયક બીજું શું હોય? સરોવર એ જળનો શાલીન સંચય છે. તેમાં વિફરાટ નથી. તેના તરંગો પણ માર્દવથી મંડિત હોવાના. વળી આ જળ કંઈ ચાંગળુંક જળ નથી.

જીવનને પણ જ્યારે આવી સરોવરના જળ જેવી નિર્મળતા અને સ્થૈર્ય સાંપડે ત્યારે અન્ય કશાની કામના ન રહે. પણ કવિ કવિ છે એટલે જ આ વિશ્રાંતિથી એક ડગલું પણ આગળ જઈને કશુંક થતું જોઈ જાય છે. શું જુએ છે?

**કમલપત્ર પરથી જરી જલ સરે કે,**
**તરત એક કાગળ તને હું લખું છું.**

આવડું મોટું ભીતરી સરવર એક પળમાં જ ગાયબ થઈ ગયું અને તેને સ્થાને જળનું એક ટીપું, જે કમળની પાંદડી પરથી સરકતું હતું તે કવિને મન મહત્ત્વનું થઈ પડ્યું. આ જ તો ખૂબી છે. અને એટલે જ કવિ કવિ છે. મીર તકી મીરનો એક શે’ર યાદ આવે છે:

**પત્તા પત્તા બુટા બુટા હાલ હમારા જાને હૈ,**
**જાને ન જાને ગુલ હી ન જાને બાગ તો સારા જાને હૈ.**

જેને ખબર પડવી જોઈએ તે ફૂલને અમારા હાલની ખબર નથી, બાકી તો આખા બગીચાના પાંદડે પાંદડાં અને કળીઓને પણ અમારી પરિસ્થિતિની ખબર છે. અહીં કવિએ કમલપત્ર પરથી સરકતા જલબિંદુને જોઈ લીધું અને સરોવર કે તેના તરંગો તો બાજુએ જ રહી ગયા.

સર્જનનો ઉન્માદ ઘણીવાર વશ થતો નથી ત્યારે પરિસ્થિતિને કાબૂમાં રાખવી મુશ્કેલ થઈ જાય છે. કવિ અહીં ‘સોડમ’ શબ્દ પ્રયોજી એક હકારાત્મક સ્થિતિનું નિર્માણ કરે છે અને પછી તેના વિશેષણરૂપે ઘણી ઘટ્ટ, ભીની અને હઠીલી એવા શબ્દો વાપરે છે. આ અનુભવ એટલો તો તીવ્ર અને

ગાઢ છે કે તેના સંયોજનમાંથી કોઈ આકાર ઘડાવા લાગે છે. તરતની પંક્તિમાં જ કવિ ચાકડાનો સંદર્ભ આપી તેના પર ચડતી નવી માટીમાં રહેલી આકારના નિર્માણની સંભાવના ખોલી આપે છે. ચાકડાને અહીં પ્રતીક લેખે ઘટાવીને તેને અનેક અર્થસંદર્ભોમાં વિસ્તારી શકાય. પણ એટલું જ કહીએ કે ચાકડે ચડતી માટીનો પ્રત્યેક પિંડ પ્રારંભે કેવળ માટી જ હોય છે. એને ઘાટ પ્રાપ્ત થાય છે તે તો અંતે જ. અને એમ થવામાં જે હાથની કરામત જોઈએ તે સર્જકનો હાથ હોય છે. એ સર્જક કવિ હોય કે ઈશ્વર. પિંડમાંથી જ બ્રહ્માંડનો વિસ્તાર સંભવે છે એ સત્ય કોઈનેય અજાણ્યું નથી.

કાલિદાસે પોતાના મહાકાવ્ય 'રઘુવંશ'ના પ્રારંભે એક શ્લોકમાં પોતે કાગળની હોડીમાં દરિયો પાર કરવાનો પ્રયાસ કરી રહ્યા છે તેવો વિનમ્ર એકરાર કર્યો છે. આપણા આ કવિને ખબર છે કે પોતે ગઝલ લખે છે. ગઝલને તેઓ નદીરૂપે કલ્પીને તેમાં આખી સૃષ્ટિને ડૂબતી અવલોકે છે. આ સૃષ્ટિ જેવી છે તેવી યથાવત ડૂબે છે. પણ તેનાથી કવિને કશું જ થતું નથી. એ તો ત્યારે જ રોમાંચિત થાય છે જ્યારે આ નદી પર કાગળની હોડી તરે છે. કાલિદાસે દરિયો તરવાના પ્રયાસ લેખે કાગળની હોડીનો મહિમા કર્યો. આપણા આ કવિ પણ કાગળ પર અક્ષર પડ્યો કે તરત કાગળ પર કશુંક 'તને' લખવા ઉત્સુક બની જાય છે.

વાત તો કાગળથી કાગળ સુધીની છે. પણ એ કેટલી અઘરી છે તે સમજાય તેમ છે.

કાગળથી કાગળ લખવા સુધી પહોંચાયા પછી પણ કાગળ કોઈને પહોંચે છે કે કેમ તે કોયડો તે તેમ છતાં વણઉકેલ્યો જ રહે છે. અને ધારો કે કાગળ પહોંચી ગયો તો પણ એમાંના અક્ષર ઉકેલાશે કે કેમ તે વળી બીજો કોયડો. રમેશ પારેખે લખ્યું છે:


**કે કાગળ હરિ લખે તો બને**
**અવર લખે તે એકે અક્ષર**
**નથી ઉકલતા મને...**





રતિલાલ બોરીસાગર

# ડૉનેશન અને ડિમાન્ડ ડ્રાફ્ટ




હરિદ્વારમાં અમારો એક પરિચિત આશ્રમ છે. કેટલાંક વર્ષોથી દર વર્ષે રજાઓમાં હરિદ્વાર જવાનું થાય છે અને એ વખતે આ આશ્રમમાં રહેવાનું બને છે. (નિવૃત્તિ પછી પહેલી વાર હું પચીસેક દિવસ ત્યાં રહ્યો હતો ત્યારે હું બાવો થઈ ગયો છું કે શું એવી અફવા પણ પરિચિત વર્તુળમાં ફેલાયેલી અને મને ઉછીના આપેલા પૈસા પાછા આવવાની રાહ જોતા મિત્રો ગભરાઈ ગયેલા.) આશ્રમનો પહેલો પરિચય બહેનના કુટુંબને થયેલો. બહેનનાં સંતાનો અમને ભાઈઓને ‘મામા’ કહે અને ભાઈઓની પત્નીઓને મામી’ કહે એટલે આશ્રમમાં પણ અમને સૌ આ રીતે જ સંબોધે. આશ્રમના ૯૪ વર્ષના બાપુ પણ મને ‘મામા’ કહીને બોલાવે. આ વર્ષે અમે હરિદ્વાર ગયાં ત્યારે આશ્રમમાં કેટલીક નવી રૂમો બંધાતી હતી. બાપુ કહે, ‘મામા, મામી કે નામ એક રૂમ કરવા દો.’

‘આ માટે કેટલા રૂપિયા જોઈએ?’ મેં પૂછ્યું.

‘યું તો રૂમ અસ્સી-નબ્બે હજાર મેં હોગી. લેકિન મામી કે નામ પચાસ હજાર દેને સે ચલ જાયેલા.’ બાપુએ કહ્યું. પચાસ હજાર રૂપિયા મારા ખાતામાંથી ચાલ્યા જાય તો ઘણો મોટો ખાડો પડી જાય એવી પરિસ્થિતિ હતી. એટલે તરત તો ‘વિચારીશું’ એટલું જ કહી વાત પૂરી કરી.

આ પછી પત્નીની ઇચ્છા જાણવા મેં એનો અભિપ્રાય માગ્યો. રૂમ સાથે પોતાનું નામ જોડાય એ વિચારે એને ઘણો રોમાંચ થયો. એણે હા પાડી. વર્ષો પહેલાં મેં એક કિસ્સો વાંચેલો: એક અંગ્રેજ દંપતી તાજમહાલ જોવા ગયું. તાજમહાલ જોયા પછી પતિએ તાજમહાલ વિશે પત્નીનો અભિપ્રાય જાણવાની ઇચ્છા વ્યક્ત કરી. પેલીએ કહ્યું, ‘મારા મૃત્યુ પછી આવી ભવ્ય ઇમારત બંધાવવાની ખાતરી આપતા હો તો હું અબઘડી મરવા તૈયાર છું.’ પત્ની દીર્ઘાયુષ્ય માટે એણે શુભકામના પ્રગટ કરી અને એ વાત ત્યાં જ અટકાવી દીધી. મારી પત્ની તો પોતાના નામના રૂમમાં દર વર્ષે બે-ત્રણ મહિના રહેવા ઇચ્છતી હતી, એટલે મારે તો બિનશરતે જ રૂમ માટે પૈસા ફાજલ પાડવાના હતા. શાહજહાં માટે તાજમહાલ બંધાવવાનું સહેજેય અઘરું નહોતું, પરંતુ મારે એક ઝૂંપડી બંધાવવાનું પણ સહેલું નથી. નિવૃત્તિ પછી જે રકમ આવી તેમાંથી આટલા રૂપિયા ઓછા કરવાના હતા. નિવૃત્તિની રકમમાંથી કશું ઓછું ન કરવું અને વ્યાજ વાપરવામાં કશો લોભ ન કરવો આવો નિર્ણય નિવૃત્તિ વખતે કર્યો હતો. આ નિર્ણયમાંથી ચલિત થવાની ઘડી આવી પહોંચી હતી. મૂળ રકમ ન વાપરવાનો નિર્ણય પણ પત્નીના લાભાર્થે જ કરેલો.

અમારી આરોગ્ય વિષયક કન્ડિશન જોતાં અમારા બેમાંથી એ શેષ રહે એવી શક્યતા વિશેષ ગણાય, એમ માની અત્યારે હું લહેરથી વ્યાજ વાપરું અને પછી 'રહે જે વર્ષો તેમાં પત્ની મૂળ રકમ જે રીતે વાપરવી હોય તે રીતે વાપરે એવો ખ્યાલ હતો. અમારા બેમાં મારી 'એક્ઝિટ' પહેલાં થશે એવો કેવળ મારો જ ખ્યાલ નથી, પત્નીનો પણ એવો જ ખ્યાલ છે. એ પણ આયોજન એ રીતે જ કરે છે. ગૃહપુસ્તકાલય માટે મેં જ્યારે કબાટો કરાવ્યાં ત્યારે પત્નીએ સુથારને ખાસ સૂચના આપેલી કે, 'એ નહીં હોય ત્યારે અમારે આ ચોપડીઓ બનતી ત્વરાએ કાઢી નાખવાની છે એટલે કબાટો એવી રીતે કરજો કે એમના ગયા પછી અમારે બીજાં કામમાં આવી શકે.' કુશળ સુથારે આ વૈકલ્પિક ઉપયોગોને ખ્યાલમાં રાખીને આ કબાટો બનાવ્યાં છે. આમ છતાં, 'એક્ઝિટની બાબતમાં ભગવાન સિનિયોરીટી કે સ્વાસ્થ્યની કન્ડિશન ધ્યાનમાં લેતા નથી એટલે એની 'એક્ઝિટ પણ પહેલાં થઈ જાય. એટલે ધારો કે એવું બને તો આ પૈસામાંથી થોડોક અંશ એને જીવતાં પણ કામ આવે એમ માની મેં આ સાહસમાં સંમતિ આપી.

હરિદ્વાર આશ્રમનું ખાતું જે રાષ્ટ્રીય કૃત બૅન્કમાં હતું એમાં મારું ખાતું નહોતું; એટલું જ નહિ, એ બૅન્કની બ્રાન્ચ મારા ઘરથી નજીકમાં ક્યાં આવેલી છે તે પણ હું જાણતો નહોતો. છેવટે એક રિક્ષાચાલકની સહાયથી હું બૅન્ક માંડ શોધી શક્યો.

ડ્રાફ્ટ માટેના કાઉન્ટરની માહિતી મેળવી હું ત્યાં જઈ ઊભો રહ્યો. પણ એ જગ્યાએ કોઈ હાજર નહોતું, બાજુના કાઉન્ટર ઉપર ઊભેલાં બહેન હમણાં આવશે.' એ બહેન પેલા ભાઈએ ધાર્યું હતું એના કરતાં થોડાં મોડાં પણ મેં ધાર્યું હતું તેના કરતાં ઘણાં વહેલાં આવી પહોંચ્યા. મેં બહેનને કહ્યું, 'મારે તમારી બૅન્કની હરિદ્વારની શાખાનો ડ્રાફ્ટ કાઢવાનો છે.'

'કેટલાનો?'

'પચાસ હજાર રૂપિયાનો.'

'કેશ લાવ્યા છો?'

'ના, ચૅક લાવ્યો.'

'અમે બીજી બેન્કનો ચૅક સ્વીકારતા નથી.'

'પણ આ કોઈ કૉ-ઑપરેટિવ બૅન્કનો ચૅક નથી, રાષ્ટ્રીયકૃત બૅન્કનો ચૅક છે.'

'તોપણ અમે સ્વીકારતા નથી.'

'એક રાષ્ટ્રિયકૃત બૅન્કનો ચૅક ન સ્વીકારે એ કેમ ચાલે?'

'એમ જ ચાલે છે.'

'પણ એક ભગિની સંસ્થાનો ચૅક બીજી ભગિની સંસ્થા શા માટે ન સ્વીકારે?'

'ભગિની સંસ્થા એટલે?'

'સિસ્ટર કન્સર્ન.'

'ન સ્વીકારવાનો નિયમ છે?'

'પણ શા માટે આવો નિયમ છે?'

'અમે નિયમનો અમલ કરીએ છીએ. નિયમો બનાવતા નથી.'

'પણ આવો નિયમ શા માટે છે એ જાણવાનો નાગરિક તરીકે મારો હક બને છે.'

'બનતો હશે પણ બીજી બૅન્કનો ચૅક સ્વીકારતા નથી એટલું જ જણાવવાની મારી ફરજ બને છે.'

'સારું આવતી કાલે પચાસ હજારની કૅશ લઈને આવીશ.'

'પાન પણ લેતા આવજો.' આ સાંભળી હું ચમક્યો. કોઈ પુરુષ પાન ખાય કે સિગરેટ પીએ એમ કોઈ બહેન પાન ખાય કે સિગારેટ પીએ એમાં તાત્વિક રીતે કશો ફેર ન કહેવાય. તેમ છતાં કોઈ બહેન પાન ખાય કે સિગારેટ પીએ એ સ્વીકારવામાં આપણને મોટા ભાગનાંને તકલીફ પડે છે—સિગારેટ પીએ એમાં તો પડે જ છે. એમાં પણ કોઈ બહેન એક અજાણ્યા પુરુષ પાસે પાન મંગાવે એ તો મારે

માટે આઘાતની ચરમ સીમા હતી.

'કેવું પણ?' બહેન તમાકુવાળું પણ નહિ જ ખાતાં હોય એની પાકી શ્રદ્ધા હતી તોય આજે મને કેશ લેવા પાછો મોકલે છે એમ કાલે પાનમાં તમાકુ નખાવી લાવવા પાછો મોકલે એમ બની શકે એમ માની મેં પૂછી લીધું.

'કેવું પાન એટલે?' હવે હું મૂંઝાયો. મેં કહ્યું, 'બહેન, તમે પણ લઈ આવવાનું કહ્યું એટલે...' આ સાંભળી એ બહેન જીવનમાં પહેલી જ વાર હસતી હોય એટલા જોરથી હસી પડી. મારી ઉંમર અને ચહેરા ઉપર દેખાતા બાઘાપણાને લીધે હું મજાક નથી કરી રહ્યો એની એને ખાતરી થઈ હશે એટલે ગુસ્સે થવાને બદલે એ હસી પડી. 'પાન એટલે ઈન્કમટેક્સનો પરમેનન્ટ એકાઉન્ટ નંબર.'

'ઓહ!' હું છોભીલો પડી ગયો. મારા સ્વયંસિદ્ધ બાઘાપણા પર મને પણ હસવું આવી ગયું. 'શ્યૉર! શ્યૉર!' કહેતો હું ત્યાંથી વિદાય થયો.

*

ઈન્કમટેક્સ ખાતા તરફથી મળેલું 'પાનકાર્ડ જડ્યું નહીં એટલે 'પાન માટે મારા ઈન્કમટેક્સના સલાહકાર અમીનસાહેબની ઑફિસે ગયો અને ત્યાંથી નંબર લીધો. પછી યાદ આવ્યું કે બૅન્કમાંથી પચાસ હજાર રૂપિયા લઈને પછી અમીનસાહેબની ઑફિસે આવ્યો હોત તો ત્યાંથી મારે જે બૅન્કમાં ડ્રાફ્ટ માટે જવાનું છે તે બૅન્ક વધુ નજીક પડત. ઈન્કમટૅક્સના નંબર વગર એ લોકો કદાચેક ડ્રાફ્ટ કાઢી આપે, પણ પચાસ હજાર રૂપિયા વગર તો ડ્રાફ્ટ ન જ કાઢી આપે તે નક્કી હતું. એટલે રિક્ષા પછી લેવરાવી હું ઘરની પાસેની જ બૅન્કમાં પહોંચ્યો. ડ્રાફ્ટ માટેનું ફૉર્મ ભર્યું. ઈન્કમટૅક્સનો નંબર લખ્યો. પચાસ હજાર પર ડ્રાફ્ટનું કમિશન એકસો છત્રીસ રૂપિયા ઉમેરી પૈસા જમા કરાવ્યા. 'થોડી વાર બેસો.' કહી બહેને ડ્રાફ્ટ માટેની કાર્યવાહી શરૂ કરી. હું સામેના સૉફા પર બેઠો. બે જ મિનિટમાં બહેને મારા નામની બૂમ પાડી કમ્પ્યૂટરીકરણ અને વી.આર.એસ.ને કારણે—ખાસ તો વી.આર.એસ.ને કારણે—બૅન્કમાં હવે કામકાજ વધુ ઝડપથી થાય છે એમ મેં સાંભળ્યું હતું. પણ બે જ મિનિટમાં ડ્રાફ્ટ નીકળી જશે એમ મેં ધાર્યું નહોતું. આધુનિક ઉપકરણો માટે મારા મનમાં અહોભાવ તો છે જ, પણ બે જ મિનિટમાં ડ્રાફ્ટ નીકળી ગયો એ જાણી આ અહોભાવમાં ઘણો ધરખમ વધારો થયો.

'થેંક્સ', મેં કાઉન્ટરને પાસે જઈને કહ્યું.

'શેનાં થેંક્સ?' બહેને થેંક્સનો અસ્વીકાર કરતાં કહ્યું.

'કેમ? બે જ મિનિટમાં આપે ડ્રાફ્ટ તૈયાર કરી આપ્યો એટલે મારો કેટલો બધો સમય બચી ગયો! વળી કામવાળો વાસણ માંજવા આવે તે પહેલાં હું ઘરે પહોંચી શકીશ ને સમયસર જમી શકીશ એટલે મારાં વાસણો ઘરનાંને માંજવાં નહીં પડે તે માટે એમના વતી પણ થેંકસ કહેવાની મારી ફરજ છે.'

'અરે, પણ તમે સાંભળો તો ખરા!' પેલા બહેન મારા પ્રલંબ વક્તવ્યથી અકળાઈ ગયાં. 'તમારો ડ્રાફ્ટ નીકળી નહીં શકે.'

'હેં!' મારાથી હળવી ચીસ પડાઈ ગઈ.

'જુઓ, કમ્પ્યૂટર પચાસ હજાર સ્વીકારવાની ના પાડે છે.'

'કમ્પ્યૂટર ના પાડે છે! પણ તમે તો પચાસ હજાર સ્વીકારવાની હા પાડો છો ને!'

'આમાં મારી હા ન ચાલે. કમ્પ્યૂટર હા પાડે તો જ થાય.'

'બૅન્કમાં મૅનેજરની કે ઑફિસરની સૂચના સ્વીકારવાની ના પાડે તે હું સમજી શકતો નથી.'

'તમારી ઓછી સમજણ માટે બૅન્ક જવાબદાર ન ગણાય.'

'એ બરાબર છે, પણ ધારો કે હું ગઈ કાલે પચાસ હજાર લઈને આવ્યો હોત તો કમ્પ્યૂટર સ્વીકારી લેત?'

'ના, ગઈ કાલે પણ ન સ્વીકારત.'

'પણ તમે તો ગઈ કાલે પચાસ હજાર સ્વીકારવાની હા પાડી હતી.'

'હું તો આજેય પચાસ હજાર સ્વીકારવાની હા પાડું જ છું ને, પણ કમ્પ્યૂટર સ્વીકારવાની ના પાડે છે.'

'તો પછી?'

'મૅનેજરસાહેબને મળો.' હું મૅનેજરસાહેબને મળ્યો. તેઓ પણ છૂટી પડ્યા.

એમણે કહ્યું, 'કમ્પ્યૂટર ના પાડે તો કશું જ ન થઈ શકે.' હું મૅનેજરસાહેબ સાથે વાત કરતો હતો ત્યારે ત્યાં બૅન્કના એક પટાવાળા ભાઈ લાઈનમાં ઊભા હતા. એમણે કહ્યું, 'પચીસ-પચીસ હજાર રૂપિયાના બે ડ્રાફ્ટ કઢાવી લો.' બૅન્કના મૅનેજરને જે ન સૂઝ્યું તે પટાવાળા બંધુને સૂઝ્યું. બૅન્કમાં કોઈ સમસ્યા સર્જાય અને મૅનેજર અથવા ઑફિસર ઉકેલી શકે તેમ ન હોય તો પટાવાળા બંધુને પૂછવું એવા નવા જ્ઞાનનો મારામાં ઉદય થયો. મેં પટાવાળા બંધુનો આભાર માન્યો. મારાં બા વીસ વરસનો રાજકુમાર શોધવા નીકળ્યા. પણ રૂપરૂપના અંબાર જેવી રાજકુમારી માટે એને યોગ્ય એવો વીસ વરસનો રાજકુમાર ક્યાંય મળ્યો નહિ. છેવટે થાકીને ગોરમહારાજે દસ-દસ વરસના બે ફૂટડા રાજકુમાર શોધી કાઢ્યા! ગણિત સચવાઈ ગયું અને યોગ્યતાનાં ધોરણો પણ સચવાઈ ગયાં! આ વાર્તા હું મૅનેજરસાહેબને કહેવા માંગતો હતો પણ એ બહુ કામમાં હતા એટલે એ વિચાર માંડી વાળીને હું પાછો ડ્રાફ્ટના કાઉન્ટર પણ ગયો અને પેલાં અધિકારિણી બહેનને કહ્યું, 'પચીસ-પચીસ હજારના બે ડ્રાફ્ટ નીકળી શકે ને?'

'હા જરૂર નીકળી શકે. કમિશનના બે રૂપિયા વધારે થશે.'

'પણ કમ્પ્યૂટરને પહેલાં પૂછી તો જુઓ!'

'ના, એમાં કમ્પ્યૂટરને પૂછવાની જરૂર નથી. હવે પંદરેક મિનિટ બેસો એટલે ડ્રાફ્ટ નીકળી જશે.'

પંદરને બદલે હું વીસ મિનિટ બેઠો તોય મારા નામનો સાદ ન પડ્યો એટલે હું કાઉન્ટર પર ગયો અને ડ્રાફ્ટ અંગે પૂછ્યું.

'ડ્રાફ્ટ હજુ તૈયાર નથી થયો.'

'પણ તમે કહ્યું હતું ને કે પંદર મિનિટ થઈ જશે.'

'કેમ?'

'એ તો હું કેમ કહી શકું?'

'ક્યારે શરૂ થશે?'

'એ પણ હું કેમ કહી શકું?'

'કમ્પ્યૂટરને તમે નિયમ વિરુદ્ધ પચાસ હજાર રૂપિયા લેવાનું કહ્યું એટલે એ ગુસ્સે થયું હશે?'

'એ હું કાંઈ ન જાણું.'

'તો પછી હું બેસું કે જાઉં.'

'એ તમારે નક્કી કરવાનું છે. કમ્પ્યૂટર શરૂ થશે એટલે તરત જ ડ્રાફ્ટ કાઢી આપીશ.'

'સાંજે આવું?'

'ફોન કરીને આવજો.'

'ફોન નંબર આપશો?' એક ચબરખી પર ફોન નંબર લખતાં પહેલાં એમણે કમ્પ્યૂટર પર આંગળી મૂકી ને ચમત્કાર સર્જાયો. કમ્પ્યૂટર ચાલુ થઈ ગયું હતું.

બહેને બનતી ત્વરાએ ડ્રાફ્ટ કાઢી આપ્યો. કમિશનના વધારાના બે રૂપિયા ક્યાં આપવા એ અંગે મેં પૂછ્યું પણ બહેને એ બે રૂપિયા માફ કરી આપ્યા. પચીસ-પચીસ હજારના બે ડ્રાફ્ટ લઈને હું બૅન્કની બહાર નીકળ્યો. પચાસ હજારની લોટરી લાગી હોય એટલો આનંદ મને થયો.

**('ભજ આનંદમ્'માંથી, સાભાર ગૂર્જર પ્રકાશન)**

# સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટનું લવાજમ ભરી.
# સૂર શબ્દની સાથે જોડાવ...




- તમે એક પણ અંક ચૂકી ન જાવ તે માટે આજે જ લવાજમ ભરો.
- વાર્ષિક લવાજમ ભરી ૩૫%થી વધુ વળતર મેળવો.
- લવાજમ ભરી આપની કોપી આપના ઘેર સુવિધાપૂર્વક મેળવો.

વૈશ્વિક ગુજરાતી સમાજ સાથે સૂરીલો સાંસ્કૃતિક સંપર્ક

**સ્વરસેતુ**
**ન્યૂઝ ડાયજેસ્ટ**







સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટ
૭૦૭, શીતિરત્ન, અવિનાશ વ્યાસ ચોક, (પંચવટી), એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬, ટેલિફેક્સ : (૦૭૯) ૨૬૫૬૧૮૩૪-૩૫
Email: swarsetu૧૨૩@gmail.com | મો. ૯૯૭૮૯૦૫૨૮૮

| એક વર્ષનું લવાજમ : | બે વર્ષનું લવાજમ : | ત્રણ વર્ષનું લવાજમ : |
|---|---|---|
| ₹૪૦૦ (૧૨ અંક) | ₹૭૫૦ (૨૪ અંક) | ₹૧૧૦૦(૩૬ અંક) |

**આટલી વિગત ભરી ઘરે મંગાવો સ્વરસેતુ**

હું.................................................................સ્વરસેતુ ન્યૂઝડાયજેસ્ટના એક વર્ષ / બે વર્ષ / ત્રણ વર્ષ લવાજમ પેટે ₹...........................મોકલી આપુ છું,

નામ :-..................................................................................................................................

સરનામું :-..................................................................................................................................

..................................................................................................................................

ટેલિફોન નંબર :-....................................મોબાઈલ નંબર :-....................................ઈ-મેઈલ :-....................................

ચેક/ડી.ડી નંબર :-....................................બેંક :-....................................................................તારીખ :-..........................

લવાજમની રકમ રોકડથી, ચેક, બેંક ટ્રાન્સફર, Paytm, મનીઓર્ડર કે ડ્રાફ્ટ દ્વારા જ મોકલવી.
મનીઓર્ડર ચેક કે ડ્રાફ્ટ WONDER WAVES ENTERTAINMENT PVT. LTD.ના નામે લખવો.


સ્વરસેતુ ન્યૂઝડાયજેસ્ટ મેગેઝીનનું લવાજમ તમે તમારા મિત્રો, સગા, સ્નેહીઓને ભેટ પણ કરી શકો છો, આ માટે અમને અલગથી સૂચના આપવી.




Future Solutions
AIRCONDITIONING SOLUTIONS FOR THE FUTURE
DAIKIN
GUJARAT'S LARGEST SERVICE NETWORK
0% FINANCE AVAILABLE
HI WALL UNITS
CASSETTE UNITS
DUCTABLE UNITS
VRV SYSTEMS
CHILLERS
Get ready to chill
FUTURE SOLUTIONS
DAIKIN SOLUTION PLAZA
futuresoluindia@gmail.com
www.futuresoluindia.com
Jyoti Plaza, Shyamal Cross Roads, Satellite, AHMEDABAD.
+91 79 26746605 / 06, 99789 69242, 98253 06605
GANDHINAGAR SHOWROOM
5/GF, Ugati Corporate Park, Opp. Pratik Mall, Nr. HDFC Bank, Kudasan.
079 2360 0789
K3DC.IN




Future Automation Solutions
SOLUTIONS FOR SIMPLIFIED LIVING
Authorized Channel Partners & System Integrators
INTEGRATED AUTOMATION SOLUTIONS
HOME & OFFICE AUTOMATION
DISTRIBUTED AV & HOME THEATRES
LIGHTING, SHADE & CLIMATE CONTROLS
SECURITY & SURVEILLANCE
DOOR COMMUNICATION & CONTROLS
FUTURE AUTOMATION SOLUTIONS EXPERIENCE CENTER
079 2674 6605 / 06 | +91 99098 94784
K3DC.IN

POWER PACK SYSTEMS
LEADER IN POWER PROTECTION
Future Solutions Group
POWER BACKUP
SALES . SERVICE . RENTAL
Authorised Premium Dealer
EATON
UPS
POWER PACK SYSTEMS
"Hani House", Ground Floor, B/h. Oriental Bank of Commerce, Shyamal Cross Roads, Satellite, Ahmedabad-380 015.
info@powerpacksystems.in
powerpacksystems2611@gmail.com
9824013589
+91 79 2674 6605 / 06
K3DC.IN

The Cake STATION
COMPLETE SOLUTION FOR BAKERS & CONFECTIONERS
Types of Moulds, Cake Boards, Cupcake Liners.
Fondants, Colours, Essence, Fruit Crush & other edible products.
Types of Cutters & Plungers.
Packing material for Cakes, Cupcakes, Chocolates and many more products.
AUTHORIZED DEALER FOR MUMBAI BASED ARIFE LAMOULDE
DESIGNER CAKES & CUPCAKES (BY ORDER)
14, Vraj Vihar-5, Opp. Gloria Restaurant, Behind Rahul Tower, Satellite, Ahmedabad.
98795 16605 | 079 4006 6605
thecakestation@hotmail.com
K3DC.IN



અમર ભટ્ટ

# ગેબના ગાયક: અતુલ દેસાઈ

શાયર 'અમૃત' ઘાયલનો એક શેર છે—

**અમે તો ગેબના ગાયક જમાવીને જ બેઠા'તા,**
**અહીં નહીં તો હવાને જામતા બહુ વાર લાગે છે.**

અતુલ દેસાઈ મને હંમેશા ગેબના ગાયક લાગ્યા છે. શાસ્ત્રીય રાગ હોય કે કાવ્યનું ગાન હોય, એ કૈંક રહસ્યમય શોધી રહ્યા છે એવી પ્રતીતિ ખુદ કરતા ને શ્રોતાઓને પણ કરાવતા. ૧૯૭૭માં—ન્હાનાલાલ જન્મશતાબ્દિ વર્ષમાં સુંદરી હૉલમાં પંડિત ઓમકારનાથજીએ ન્હાનાલાલનાં બે કાવ્યોનાં કરેલાં સ્વરાન્કનો, જે અતુલભાઈએ ગાયેલાં તે, હજી કાનમાં ગૂંજે છે—

'વિરાટનો હિંડોળો ઝાકમઝોળ' https://www.youtube.com/watch?v=_qEclQ4rMEs&feature=youtu.be (રાગ સિંધુરા પર આધારિત) અને 'પ્રેમને હિંડોળે જગત જન ઝૂલે' https://www.youtube.com/watch?v=aVhb1dQzr9M&feature=youtu.be (રાગ અડાણા પર આધારિત).





મારાં મમ્મીના એ આમ દૂરના ભાઈ થાય પણ એ અમારી ખૂબ નિકટ હતા. હું એમને અતુલમામા કહેતો. મને યાદ છે કે મમ્મી ગર્વથી કહેતાં કે અતુલ તો બનારસ જઈ પંડિતજી પાસે સંગીત શીખ્યો. મને સંગીતમાં રસ પડ્યો છે એ જાણી એમને અત્યંત આનંદ થયેલો. જ્યારે મારી પાસે તાનપુરો નહોતો અને ઇલેક્ટ્રોનિક તાનપુરા નહોતા શોધાયા ત્યારે મારો રિયાઝ તાનપુરો ન હોવાને લીધે અટકે નહીં એટલે પોતે પોતાના સ્ટુડીયોમાં મારા માટે ૪૫ મિનિટ તાનપુરો વગાડીને મને એની કેસેટ કરી આપી.

**બાળપણ, અભ્યાસ અને શાસ્ત્રીય સંગીતની તાલીમ**

૩૧/૧/૧૯૩૩ના દિવસે નાગર કુટુંબમાં જન્મેલા અતુલભાઈએ પંડિત ઓમકારનાથ ઠાકુર પાસે ગ્વાલિઅર ઘરાનાની સઘન તાલીમ લીધી. બાળપણથી જ એમને સંગીતનું ભરપૂર વાતાવરણ મળ્યું. એમના માતુશ્રી સુલભાબેનનો કંઠ ખૂબ સુંદર હતો. તેઓ ઘણા સામાજિક ને સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ગરબા ગવડાવતાં. પિતા ગિરીશચંદ્ર દેસાઈ શહેરના મ્યુનિસિપલ કોર્પોરેશનના એન્જિનિયર હતા અને ખૂબ ઉચ્ચ હોદ્દા પર હતા. એમના પ્લાન અને માર્ગદર્શન પ્રમાણે અમદાવાદનો રીલીફ રોડ બનાવવામાં આવેલો. ગિરીશભાઈ પોતે ખૂબ સુંદર સ્વરાંકનો કરતા હતા. મેઘાણીનું ઓછું જાણીતું ગીત 'વીંઝણલો કોણ વાય આકાશે આવી વીંઝણલો કોણ વાય?' ગિરીશભાઈએ ખૂબ સરસ સ્વરબદ્ધ કરેલું ને મારાં મમ્મી પાસે એ સાંભળેલું હજી યાદ છે. ગિરીશભાઈને સંગીતમાં અને કલાકારોમાં ખૂબ રસ હોવાથી એમને ત્યાં દેશના ઘણા નામી કલાકારો આવતા જેમાં ફૈયાઝ ખાનસાહેબ, પંડિત ઓમકારનાથજી, ઉસ્તાદ અલાદીયાખાન વગેરેનો સમાવેશ થાય છે. આમ ઘરમાં સંગીતનો સતત સત્સંગ અતુલભાઈને મળ્યો. એન્જિનિયર

થવા એમણે ગુજરાત કૉલેજની વિજ્ઞાન શાખામાં પ્રવેશ લીધો પણ અભ્યાસમાં ચિત્ત ન લાગ્યું. પંડિત ઓમકારનાથજી એકવાર એમને ઘેર આવ્યા હતા. અતુલભાઈએ એમને પોતાની મૂંઝવણ જણાવી. એ વખતે પંડિતજીએ પોતાની સાથે ને પાસે આવી સંગીત શીખવા આવવા કહ્યું. બસ એ ધન્ય ઘડીએ સંગીત શીખવાનો નિર્ણય કર્યો. પંડિતજી પાસે તાલીમ ઉપરાંત બનારસ હિંદુ યુનિવર્સિટીમાંથી સંગીતની ડીગ્રી પણ પ્રાપ્ત કરી. ૧૯૫૫થી ૧૯૬૧ દરમિયાન બનારસ હિંદુ યુનિવર્સિટી ખાતે પંડિતજીના સાન્નિધ્યનો લાભ એમને મળ્યો. એ દિવસોમાં જ્યારે સામાન્ય રીતે ડૉક્ટર કે એન્જિનિયર તરીકેની કારકિર્દી બનાવાની મહેચ્છા સેવાતી ત્યારે અતુલભાઈએ સંગીતકાર થવાનું સ્વપ્ન સેવ્યું ને એ રીતે પોતાના હ્દયને અનુસર્યા. રાજેન્દ્ર શાહના 'નિરુદ્દેશે'માં આવે છે—

**'મન મારું લઈ જાય ત્યાં જાવું પ્રેમને સન્નિવેશે'**



રોબર્ટ ફ્રોસ્ટની કવિતા 'Road not taken'ની પંક્તિઓ અલબત્ત જુદા સંદર્ભમાં છે પણ અહીં પણ યાદ કરવી છે—

**Two roads diverged in a wood, and I,**
**I took the one less traveled by,**
**And that has made all the difference.**

અતુલભાઈના કહેવા પ્રમાણે પંડિતજી પાસે સંગીતશિક્ષણ અને જીવનશિક્ષણ એમ બંને મળ્યાં.

**'કદંબ' સંસ્થા અને નૃત્યમાં એમણે આપેલું સંગીત**


૧૯૬૧માં સંધ્યા મ્હેઢ સાથે એમનું પ્રેમલગ્ન થયું. સંધ્યાબેન કથ્થક નૃત્યની ખૂબ જાણીતી 'કદંબ' સંસ્થા સાથે સંકળાયેલાં હતાં. અતુલભાઈએ 'કદંબ' માટે ઉત્તમ સંગીત આપ્યું. 'ઓખાહરણ' કે 'ધબકાર' જેવા અદ્‌ભુત નૃત્યપ્રયોગોમાં 'કદંબ'નાં ડિરેક્ટર અને વિશ્વવિખ્યાત કથ્થક નૃત્યકાર શ્રીમતિ કુમુદિની લાખિયાની 'કોરિયોગ્રાફી' અને અતુલભાઈના સંગીતનો સુંદર સમન્વય જોવા મળ્યો.

'કદંબ' સંસ્થાએ દેશ વિદેશમાં કાર્યક્રમો કર્યા અને એ રીતે અતુલભાઈના સંગીતનો પણ દેશ વિદેશમાં પ્રસાર થયો. પંડિત રવિશંકર જેવા કલાકારોએ પણ અતુલભાઈની સ્વરનિયોજનની મૌલિક સૂઝ બિરદાવી. પહેલાં નૃત્યમાં માત્ર સહયોગ આપવા પૂરતું જ સંગીત ઉપયોગમાં લેવાતું. અતુલભાઈએ નૃત્ય સાથેના સંગીતનો અંદાજ અને સ્વરૂપ બદલ્યાં અને નૃત્યમાંથી મળતો આનંદ સંગીતને લીધે બેવડાય તેવું સંગીત આપ્યું. તેઓ પણ 'કદંબ'ના ડીરેક્ટર હતા. 'A musician should dance from within and the dancer should sing from within'—એમ એ માનતા. મેં સાંભળ્યું છે કે ભારતમાં અન્ય જગ્યાએ કથ્થક નૃત્ય સાથે આદર્શ સંગીત કેવું હોવું જોઈએ એના ઉદાહરણ રૂપે અતુલભાઈનું નામ લેવાય છે. 'ઓખાહરણ'ના પ્રયોગ માટે એમણે પ્રેમાનંદના 'ઓખાહરણ' ઉપરાંત એમનું 'સુદામાચરિત' પણ વાંચ્યું. સુદામાચરિતની આ પંક્તિ ટાંકી એ કહેતા કે પ્રેમાનંદ ગુજરાતનો પ્રથમ વ્યાવસાયિક કલાકાર હતો—

'ઉદર નિમિત્તે સેવા કીધી ગામ નંદરબાર રે'. એક કવિની એક રચના સ્વરબદ્ધ કરવા એનાં અન્ય સર્જનોમાંથી પસાર થવાની જહેમત એ ઉઠાવતા.

**મ્યુઝીક પ્રોડ્યુસર તરીકે સેવા તથા એમને મળેલા એવોર્ડ**

૧૯૬૬થી ૧૯૭૧ દરમિયાન એમણે આકાશવાણી અમદાવાદ પર શાસ્ત્રીય સંગીતના 'મ્યુઝીક પ્રોડ્યુસર' તરીકે અને ત્યાર બાદ 'ઈસરો'માં 'મ્યુઝીક પ્રોડ્યુસર' તરીકે સેવા આપી. દરમિયાન ૧૯૬૯માં એમણે અમેરિકાના વિશ્વવિખ્યાત શ્રી ડેવિડ ટુડોર પાસે 'ઇલેક્ટ્રોનિક મ્યુઝીક'ની તાલીમ લીધી. ૧૯૭૦માં 'Expo-70'માં એમણે ભારતના પેવેલિયનનું પાર્શ્વ સંગીત આપેલું જેમાં ભારતીય સંગીત સાથે ઇલેક્ટ્રોનિક મ્યુઝીકનો પ્રયોગ એમણે કરેલો. ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી એવોર્ડ તથા રાષ્ટ્રપતિ દ્વારા એનાયત થતો 'પ્રેસીડેન્શીયલ મેડલ' પણ એમને મળેલો.



**સ્વરાંકનોમાં પ્રયોગશીલતા અને પરંપરાનું અનોખું સંયોજન**

અનેક ગુજરાતી કાવ્યો એમણે સ્વરબદ્ધ કર્યાં. એમનાં સ્વરાન્કનોમાં શાસ્ત્રીય રાગોનો ઉચિત ઉપયોગ એ કરતા અને કાવ્યને સંગીતની મદદથી 'beautify' કરતા. એમણે સ્વરબદ્ધ કરેલી ગુજરાતી કવિતાઓના કાવ્યતત્ત્વ પરથી એમનો સાહિત્યનો શોખ અને એમની રૂચિનો આપણને ખ્યાલ આવશે. કાવ્યસંગીત જગતે એમનાં સ્વરાંકનોને જોઈએ એવા પોંખ્યાં નહીં ને એમાં ગુમાવ્યું આપણે સૌએ એમ મારું નમ્રપણે માનવું છે. કેટલાંક સ્વરાન્કનોની સમીપે જઈએ –

૧. 'નદીની રેતમાં રમતું નગર મળે ન મળે' https://youtu.be/FYzxhRO-nD

આદિલ મન્સૂરીની આ ગઝલનું અતુલભાઈએ રાગ કેદારમાં કરેલું સ્વરાન્કન પણ નખશિખ સુંદર છે. 'મળે ન મળે'માં રહેલી અનિશ્ચિતતા સંગીતમાં લાવવા રાગ કેદારનો ઉપયોગ એમણે કર્યો છે. કેદારમાં પંચમ (પ)થી આંદોલિત તીવ્ર મધ્યમ (મ) પર થઈ શુદ્ધ મધ્યમ (મ) પર આવતા એ અનિશ્ચિતતાનો ભાવ અનુભવાય છે.

૨. 'દરિયો રહી ગયો ને કિનારો નથી રહ્યો' https://youtu.be/CeyXc2pIVos

હરીન્દ્ર દવેની આ ગઝલનું અતુલભાઈએ રાગ બૈરાગીમાં કરેલું સ્વરાન્કન એમના જ આલબમમાં ગાવાનો મને મોકો મળેલો. એકલતાનો ભાવ, વિરહનો ભાવ આ ગઝલમાં સરસ અભિવ્યક્ત થયો છે.

૩. 'મેરે પિયા મૈં કછુ નાહીં જાનું' https://youtu.be/iy_m19JIQgU

કવિ સુન્દરમ્‌ની આ અમર રચના અતુલભાઈએ રાગ કિરવાનીમાં સ્વરબદ્ધ કરી છે. આ રાગની પ્રખ્યાત બંદિશ 'તોરે બિન મોહે ચેન ન પરત બ્રિજ કે નંદલાલા' જરૂર યાદ આવશે.

૪. 'મારી આંખે કંકુના સૂરજ આથમ્યા' https://youtu.be/K-xHdLMkwsU




એક કાવ્યનાં એકથી વધારે સ્વરાંકનો પણ સુંદર હોઈ શકે એ વાત સ્વીકારવા આપણે તૈયાર હોઈએ ને તે કાવ્યનું પ્રચલિત ન હોય તેવું સ્વરાંકન સાંભળવા તૈયારી ને સજ્જતા બતાવીએ તો ખરેખર આપણે રાવજી પટેલના ગીતનું અતુલભાઈનું સ્વરાંકન, જે એમણે સંધિપ્રકાશ રાગ પટદીપ (સાંજે-સૂરજ આથમતો હોય એ સમયે ગવાતો રાગ)માં કર્યું છે, તે માણી શકીશું. રાવજી પોતે લગ્નગીતના ઢાળ અને ઠેકામાં ગાતા. અતુલભાઈએ ઠેકો લગ્નગીતનો જ રાખ્યો છે.

૫. 'ચાલો સખી, વૃંદાવન જઈએ, જિહાં ગોવિંદ ખેલે હોળી' https://youtu.be/KCMkVtOnXyw

નરસિંહ મહેતાની આ રચનામાં છેલ્લી પંક્તિ છે—

**ગોવિંદ ગોપી રમે રંગભર જુએ નરસૈંયો દાસ**

નરસિંહ સાક્ષીભાવે જે જુએ છે તે જુદાં જુદાં દૃશ્યો છે. સ્થાયીમાં સાત માત્રાના ભરેલા ઠેકામાં કાફી રાગમાં ગોવિંદની હોળી જોવા માટે નરસિંહે આપેલું આહ્‌વાન છે. હોળીની રમતનાં દૃશ્યો બદલવા એ અંતરામાં આઠ માત્રાનો કેરવો/ત્રિતાલ ઉપયોગમાં લે છે. અંતરા પછી સ્થાયી સાત માત્રામાં ગાઈ પાછું આઠ માત્રામાં પહોંચી દૃશ્ય બદલવાનું. ત્રણ અંતરામાં ત્રણ દૃશ્યો સંગીતમાં ખડા કરે છે. છેલ્લે રાગ બસંત બહાર ને પછી મૂળ કાફી પર આવી ચલતીમાં જ ગીત પૂરું થાય છે. આ ગીત પણ એમણે મારી પાસે ગવડાવ્યું.



૬. 'શરૂ શરૂઆત હશે, મશ્કરીની વાત હશે' https://youtu.be/x9MbSXotDb4

શયદાની પંડિત ઓમકારનાથજીએ ગાયેલી આ ગઝલ અતુલભાઈના અવાજમાં ઉપલબ્ધ છે તે આપણું સદનસીબ.

આ ઉપરાંત અનેક ઉર્દૂ ગઝલો અને વ્રજ ભાષાની અને હિન્દી કવિતાઓ એમણે સ્વરબદ્ધ કરી. એક કાવ્યનાં એકથી વધારે સ્વરાન્કનો એ પોતે જ કરતા. આવી બે ઉર્દૂ ગઝલો યાદ આવે છે—

૧. રહા ન મેરા ઠિકાના કહીં ઝમાનેમેં (એક સ્વરાન્કન ભીમપલાસીમાં ને બીજું યમનમાં છે)

૨. તૂ અગર દિલમેં આયે (આ ગઝલનાં એમણે કરેલાં બે સ્વરાન્કનોની લિંક https://youtu.be/wlA5blqrU4A અને https://youtu.be/XTA2X3prnPg)

સુખ્યાત હિન્દી કવિ શ્રી સર્વેશ્વરદયાલ સક્સેનાની ખૂબ જાણીતી કવિતા 'કોટ' અતુલભાઈએ અદ્‌ભુત રીતે સ્વરબદ્ધ કરી. એમનાં સ્વરાન્કનોમાં પ્રયોગશીલતા અને પરંપરાનું અનોખું સંયોજન અનુભવાતું. પંડિતજીએ ગાયેલાં 'વિરાટનો હિંડોળો'—(કવિ : ન્હાનાલાલ), 'રાજા તારા ડુંગરિયા પર બોલે ઝીણા મોર' (મીરાંબાઈ), 'જોગી મત જા' વગેરે અતુલભાઈ ખૂબ ભાવથી ગાતા. એમના અવાજમાં એક અનોખી ગૂંજ હતી. શાસ્ત્રીય રાગ ગાતી વખતે એમને રાગને 'explore' કરતા જોવા એક લ્હાવો હતો. પટમંજરી (https://youtu.be/FpXpGt6XHC0), શુદ્ધ કલ્યાણ (https://youtu.be/eSVE6kfcKKg) જેવા રાગો એ સુંદર રીતે રજૂ કરતા. પંડિતજીનો ખાસ રાગ નીલામ્બરી અતુલભાઈ 'મૂડ'થી ગાતા. https://youtu.be/YurCrQpQMYI

અતુલભાઈની સંગીતયાત્રાની એક ફિલ્મમાં એમની આ સંગીતસફર નિહાળો https://youtu.be/UG-B4fZagrc


'મ્યુઝીક ટુડે' દ્વારા બહાર પડેલા આલબમ 'ટેમ્પલ

મ્યુઝીક'માં 'દ્વારકા'નું સંગીત એમનું છે. વિશ્વવિખ્યાત કંપનીના આલબમ માટે ધાર્યું હોત તો એ ખૂબ જાણીતા કલાકારો પાસે ગવડાવી શક્યા હોત, કે પોતે જ બધી રચનાઓ ગાઈ શક્યા હોત, પણ એમણે ગુજરાતી યુવાકલાકારો—શ્વેતા ઝવેરી, નીરજ પરીખ અને વિરાજ પાસે ગવડાવી યુવાપેઢીમાં પોતાનો વિશ્વાસ મૂક્યો અને એ રીતે ગુજરાતી કલાકારોને મોટા ફલક પર જવાનો મોકો આપ્યો.

**તીક્ષ્ણ ને વેધક વિનોદવૃત્તિ**

અતુલભાઈ હોય એટલે હસાહસ ને મોજમજા. કેટલાક દાખલા આપું—

—એકવાર એમણે મને એક કાર્યક્રમમાં ગાવા બોલાવ્યો. મને કહે તારે રાગ ભૂપાલી ગાવાનો છે. હું મૂંઝાયો. મેં કહ્યું હું તો કાવ્યસંગીતનો ગાયક છું, શાસ્ત્રીય સંગીત ગાવાને લાયક પણ નથી. એ હસીને કહે 'રાગ ભૂપાલી એટલે એવો રાગ જેમાં 'મની' (સ્વરો 'મ' અને 'ની') વર્જિત હોય—આ કાર્યક્રમમાં પણ પુરસ્કાર ('મની') નથી એટલે રાગ ભૂપાલી જ થયો ને!'



એક શાસ્ત્રીય કાર્યક્રમમાં એમને કોઈએ 'પગ ઘૂંઘરું બાંધ મીરાં નાચી' https://youtu.be/7aUBQdFIoD8 ગાવાની ફરમાયશ કરી. સાધારણ રીતે રાગ માલકૌંસ સાંભળવાની આવી ફરમાયશ થાય—પણ આ જુદી ફરમાયશ હતી. એ સમજી ગયા કે ફરમાયશ કરનારને સંગીત સાથે લેવાદેવા નથી એટલે તરત કહે કે કયું 'પગ ઘૂંઘરું'—ઓમકારનાથજીનું કે અમિતાભ (ફિલ્મ 'નમકહલાલ'નું કિશોરકુમારનું ગાયેલું) નું?

SAARC દેશોના વડા અને એમના પત્નીઓ એમ માત્ર ૮ મહાનુભાવો માટે બેંગ્લોરમાં 'કદંબ'નો કાર્યક્રમ હતો. સુરક્ષા ખૂબ હતી. રાતના ૯ વાગ્યાના કાર્યક્રમ માટે કલાકારોને સાંજે ૫ વાગ્યાથી હૉલમાં ગોંધી રાખેલા. સુરક્ષાગાર્ડ કહે કે 'આપકો જો કુછ ચાહિયે યા કરના હો તો હમે બતાઈએ, હમ કર દેંગે યા લા દેંગે, પર આપ બાહર નહીં જા સકતે.' થોડો સમય સહન કર્યા પછી અતુલભાઈથી ન રહેવાયું. આમ પણ કલાકારોને બંધન ક્યાંથી ગમે? એ સુરક્ષાગાર્ડ પાસે ગયા ને કહે કે 'હમે જો કુછ કરના હૈ વો આપ હી કરનેવાલે હૈ ઇસી લિયે બતા રહા હૂં કી મુઝે બહોત ઝોરસે બાથરૂમ (અતુલભાઈએ તો સુરક્ષાગાર્ડ સમજી શકે એવો જ શબ્દ પ્રયોગ કરેલો જે હું ટાળું છું) જાના હૈ મગર મેરે બજાય બાથરૂમ આપ હી હો આઈએ.' સુરક્ષાગાર્ડ પણ હસી પડ્યો.

એમના અવસાનના થોડા સમય પહેલાં એમની સાથે ફોન પર કેનેડા વાત થઈ ત્યારે મેં કહ્યું—"અમે તમારી 'પ્રેક્ટીકલ હ્યુમર' બહુ યાદ કરીએ છીએ." એ કહે—"બંદિશ ગાતી વખતે એનાં રચયિતા (જેવા કે 'પ્રેમપિયા-ઉસ્તાદ ફૈયાઝ ખાન', 'પ્રાણપિયા—ઉસ્તાદ વિલાયત હુસેનખાન વગેરે)નાં નામ આવે ત્યારે ગવૈયાઓ કાન પકડે છે, એમ મારી 'જોક' યાદ કરો ત્યારે કાન પકડજો."

**આધ્યાત્મિકતા, શ્રી અરવિંદની ફિલોસોફી**

એમના પિતાજીને શ્રી અરવિંદ અને માતાજીમાં અનન્ય શ્રદ્ધા હતી. એમના ઘરમાં નાનકડું ધ્યાન કેન્દ્ર પણ ચાલતું. અતુલભાઈને પણ શ્રી અરવિંદની ફિલોસોફીમાં શ્રદ્ધા.

આ બધાને લીધે કવિ સુન્દરમ્‌ની પણ એમના ઘરમાં અવરજવર રહેતી. ૨૦૦૮માં સુન્દરમ્ જન્મશતાબ્દી નિમિત્તે અતુલભાઈના માર્ગદર્શનમાં એમનાં કાવ્યોનાં ગાનની સીડી બહાર પડી.

કવિ શ્રી સુન્દરમ્‌ના શબ્દોમાં—

સુન્દરમે 'શ્રી માતાજીના સાન્નિધ્યમાં—પુસ્તક-૧માં અતુલભાઈ માટે યથાર્થ રીતે આમ લખ્યું:

**સૂરને સાચ્ચે ખબર શું આ હશે?**
**ગીત એનાં તો ગવાતાં હશે—**
**ભાવ શા શાથી**
**મહા ગાયક જનોના કંઠથી?**
**ઓમકારથી—કંઈ કંઈ અતુલથી.**[1]

[1] અતુલ ગિરીશચંદ્ર દેસાઈ: જેઓ 'છોટે ઓમકારનાથ' તરીકે ગાયક-દુનિયામાં જાણીતા છે.

**એણે ગવાવા કાજ તો આ સૌ લીધું—**
**સોંપી અનંત ભવિષ્યને ખોળે દીધું.**

**૬.૫૫ પ્રભાત**
**૨૦/૩**

આજે અતુલભાઈ સદેહે નથી પણ એમનું સંગીત અને એમની યાદો તો આપણી પાસે છે જ. હરીન્દ્ર દવેના શબ્દો સહેજ બદલીને જાણે અતુલભાઈ કહી રહ્યા છે—

**થોડો સ્મરણમાં છું, થોડોક ગાનમાં છું,**
**સંકેલ્યો શ્વાસ દેહે સ્વજન, હું નથી ગયો.**

શ્રી અતુલ દેસાઈને અનેક સૂરવંદન.

**('વિશ્વવિહાર' અને 'નવનીત સમર્પણ'માં આવેલા લેખોમાં ઉમેરો કરીને)**



# શારદારમણની સેટી



અરે, દોસ્તો! તમે શારદારમણને ત્યાં જઈ આવ્યા કે નહીં? એક વાર અવશ્ય જઈ આવો અને પચાસ હજાર રૂપિયાની નવી સેટી ઉપર બેસી આવો! આવી સેટી તમે કદી જોઈ નહીં હોય. એક વાર તમેય બેસીને ધન્ય થઈ આવો! એમનું દિવાનખાનું છે, દસ બાય દસનું. પણ સેટીથી અસ્સલ વટ પડે છે વટ!

શારદારમણ આમ તો બૅંકમાં નોકરી કરે, પણ કવિતા લખવાનો એમને જબરો શોખ. દર અઠવાડિયે એક કવિતા તો લખવાના જ. અને અમારી ૧૫-૨૦ મિત્રોની એક રવિ-સભા મળે. દર રવિવારે એમને ત્યાં જ તો. અમે બધા એમની કવિતા માણીએ. એમનાં શ્રીમતી જબરા ઉત્સાહી. બેએક કલાકની બેઠકમાં બે વાર બધાંને ચા-નાસ્તો મળવાનો જ. આ સેટી પણ એમની જ કરામત છે. પણ એ વાત જરીક પછીથી કહું.

કવિતાઓ સાંભળી-સાંભળીને અમને લોકોને થયું, આ કવિતાઓ છપાવી જોઈએ. એ આ દિવાનખાનામાં જ પુરાઈ રહે, તે ઠીક નહીં. આ તો શારદાદેવીનું અનોખું સ્તવન છે. તે સમાજ સામે આવવું જ જોઈએ. અમે બધા મિત્રોએ શારદારમણજીના કાવ્યોની હાથે લખીને નકલ કરવા માંડી. અને જુદાં-જુદાં સામયિકોનાં કાર્યાલયોમાં જઈને તંત્રીઓને હાથોહાથ આપી આવ્યા. તક મળી ત્યાં અમારા કવિ અને કવિના કાવ્ય વિશે બે ફૂલ પણ વેરી આવ્યા.

બે-ચાર મહિના આમ ચાલ્યું. પણ અમે આપી આવેલ એક પણ કાવ્ય કોઈ સામયિકમાં છપાયું નહીં. પણ અમે કાંઈ હાર સ્વીકારી લઈએ એવા નહોતા. અમારી રવિ-સભામાં ચાર-પાંચ અઠવાડિયા સુધી ગરમાગરમ ચર્ચા ચાલી. આ તંત્રીઓને તો છાપેલાં કાટલાં જોઈએ છાપેલાં! જ્યાં સુધી કોઈ કવિનો કાવ્ય-સંગ્રહ બહાર પડ્યો ન હોય, ત્યાં સુધી તંત્રી મહોદયના મનમાં એ કવિ વસે નહીં. માટે આપણે શારદારમણજીનાં કાવ્યોનો કાવ્ય-સંગ્રહ છપાવીએ. પછી તમે જોશો કે શારદારમણજીનાં કાવ્યોની સામેથી માંગ આવે છે કે નહીં!

શારદારમણજી શરૂમાં થોડા ઢચુપચુ હતા. પણ એમનાં શ્રીમતીજીને તો આ સાંભળી ભારે ઉત્સાહ આવી ગયો. એટલે કાવ્ય-સંગ્રહ ગમે તેમ કરીને છપાવવો જ એમ નક્કી થયું.

પરંતુ છાપે કોણ? અમે બધા જ મિત્રો મંડી પડ્યા. ૪૦-૫૦ કાવ્યોની ૧૫-૨૦ નકલ અમે અત્યંત સુંદર મરોડદાર અક્ષરોમાં કરી નાખી અને પ્રકાશકોને આપી આવ્યા. લગભગ છએક મહિના અમારું આ લેખન-પ્રકાશન અભિયાન ચાલ્યું. પરંતુ એક પણ પ્રકાશક અમને હાથ મૂકવા દે નહીં.

વળી ચર્ચા ચાલી. કોઈ ન છાપે તો આપણે છાપીને પ્રસિદ્ધ કરીએ: શ્રીમતીજી કહે, અરે, પ્રોવિડન્ટ ફંડમાંથી લોન લઈ લઈશું. બે-ચાર જગ્યાએ આ કાવ્ય-સંગ્રહની સરસ સમીક્ષા ને રસદર્શન છપાયાં કે ચોપડી તો ચપોચપ ઊપડી જવાની.

અમે લોકોએ પણ કમર કસી. આપણે ૧૫-૨૦ જણા તો ખરા જ. બીજાઓને પણ તૈયાર કરીશું. માત્ર પચાસ જણ જો વીસ-વીસ નકલ વેચવાની જવાબદારી ઉપાડી લે, તો હજાર નકલ તો રમત વેચાઈ જાય. આ તો કેટલું સરળ છે! આ ઉત્સાહમાં એમ પણ નક્કી થઈ ગયું કે હજાર નહીં, બે હજાર નકલ છપાવીએ. સસ્તું પડે.

અગાઉ મળેલા તેમાં એક પ્રકાશક જરીક કૂણા લાગેલા, એમને મળીને છાપવાનું ગોઠવ્યું. પુસ્તક સરસ છપાવું જોઈએ. કાવ્યનું પુસ્તક છે એટલે તેમાં છાપેલી જ નહીં કોરી જગ્યાનું કાવ્ય-સૌંદર્ય પણ ભરપૂર નીરખવું જોઈએ. મુખપૃષ્ઠ પણ અફલાતુન થાય.

એ તો ગોળ નાખીએ તેટલું ગળ્યું થાય. અમે ફરમાઈશ કરતા ગયા અને પ્રકાશકજી તે પૂરી કરતા રહ્યા. એમ કરતાં-કરતાં કુલ ખર્ચનો આંકડો પચાસ હજારે પહોંચ્યો. શારદારમણજીએ લોન લઈને પૈસા ચૂકવ્યા.

કાવ્ય-સંગ્રહનું વિમોચન તો થવું જ જોઈએ. તો જ પ્રસિદ્ધ થાય. એટલે વિમોચનનું ગોઠવ્યું. અમારા એક ઓળખીતા પ્રાધ્યાપકને સાધીને એમની કૉલેજમાં જ સમારંભ ગોઠવ્યો. પ્રિન્સીપાલના હાથે વિમોચન કરાવ્યું. સોએક જણ ભેળા તો થઈ ગયેલા. તે દિવસ દરેકને પુસ્તક ભેટ આપ્યું, જેથી તેનો પ્રચાર થાય. ૧૦૦ નકલ એમ ગઈ. બીજી ૧૦૦ નકલ છાપાંઓ અને સામયિકને સમાલોચનાર્થે મોકલી. અમે લોકોએ પહેલા હપ્તા રૂપે દસ-દસ નકલ વેચવા માટે લીધી. બાકીની દોઢ હજાર નકલ શારદારમણજીના માળિયા ઉપર રહી.

અમે લોકોએ પુસ્તક વેચવાનો પ્રયત્ન તો બહુ કર્યો, પણ અમારી દાળ ઝાઝી ગળી નહીં. બહુ આગ્રહ કરીને વળગાડીએ, ત્યારે મહાશય કહેશે, હા, રાખી જાવ, વાંચીને ગમશે તો વેચાતું લઈ લઈશ. પરંતુ મોટે ભાગે પુસ્તક પાછું જ આવતું, અને આવે ત્યારે તેના હાલહવાલ જોવા જેવા હોય! બહુ-બહુ મહેનત કરી પણ માંડ સોએક નકલ વેચાઈ હશે.

ફરી અમારી રવિ-સભામાં ચર્ચા ચાલી, આ નકલોનો નિકાલ કેમ કરવો. અમે લોકો માથું ખંજવાળતા રહ્યા. શારદારમણજીએ તો આ આખી ઘટનાનું રમૂજી વર્ણન કરતું એક નવું કાવ્ય અમને તે દિવસે સંભળાવ્યું.

બીજે દિવસ એમનાં શ્રીમતીજીએ માળિયેથી બધી નકલો ઊતરાવી. તેને દિવાનખાનામાં એક બાજુ સરસ રીતે ગોઠવી. તેના ઉપર પ્લાયવુડનું લાકડું ગોઠવ્યું. તેને સરસ રેક્ઝિન ચઢાવ્યું. ચારે કોર નાની પટ્ટી લગાડી અને કાપડના પડદા કરી લીધા. સરસ મજાની સેટી તૈયાર!

લોકો પૂછતા, 'નવી લીધી?' 'હા સ્તો!'

'કાવ્યસંગ્રહ તમને સારો ફળ્યો!'

'હા, તમે અત્યારે પૂરા પચાસ હજારની સેટી પર બેઠા છો?'

લોકોની આંખો પહોળી થઈ જતી.

તો દોસ્તો! તમેય એ સેટી પર બેસી આવ્યા કે નહીં?

**(શ્રી ઉજ્જવલા કેળકરની મરાઠી હાસ્યકથાને આધારે)**
**રૂપાંતરઃ હરિશ્ચંદ્ર, પુસ્તકઃ 'વીણેલાં ફૂલ'માંથી**
**સાભારઃ યજ્ઞ પ્રકાશન**




festive
COLLECTION

Now In Store

THE Raymond SHOP

• C G Road. Tel: 26443333 / 26443355
• Ashram Road, Opp. Handloom House. Tel: 26589529
• S G Road, Iscon Mega Mall. Tel: 40028027

# સુધીર ખાંડેકરની 'સ્વર-કલ્પના' – એક હૃદયસ્પર્શી અને સ્મરણીય પ્રસ્તુતિ





તારીખ ૨૯ ફેબ્રુઆરી, શનિવારના રોજ અમદાવાદના પં. દીનદયાલ ઓડિટોરિયમ ખાતે સુપ્રસિદ્ધ ખાંડેકર કુટુંબની ૭૫ વર્ષની અખંડ સંગીતયાત્રાની ઉજવણી કરવામાં આવી. જેના પ્રથમ ચરણરૂપે 'સ્વર-કલ્પના' શીર્ષક હેઠળ ગુજરાતી સુગમસંગીતનો એક ભવ્ય સમારોહ સંપન્ન થયો. પં. વિલાસરાવ ખાંડેકર અને લીલાતાઈ ખાંડેકરે સન ૧૯૪૫માં 'ખાંડેકર સંગીત વિદ્યાલય'ની સ્થાપના કરીને નિષ્કામ ભાવે સંગીત શિક્ષણનું વ્રત જીવનભર નિભાવ્યું. આજે તેઓની ચોથી પેઢી આ સંગીતવારસાને અધિક સજ્જતાથી અને પૂર્ણ નિષ્ઠાથી આગળ વધારી રહી છે. સંગીત શિક્ષણ ઉપરાંત સંગીતના લગભગ તમામ ક્ષેત્રોમાં આ કુટુંબના વિવિધ સભ્યોએ તેમની અનોખી છાપ ઉપસાવી છે.

'સ્વર-કલ્પના'માં સંગીતજ્ઞ અને સ્વરકાર સુધીર ખાંડેકરના ૧૮ કર્ણપ્રિય અને પ્રયોગશીલ સ્વરાંકનોને સુયોગ્ય અને સુનિયોજિત ઑરકેસ્ટ્રેશનથી મઢીને રજૂ કરવામાં આવ્યાં. ગાયક કલાકારોમાં મુખ્યત્વે અનિકેત ખાંડેકર અને તેમની પુત્રી પ્રથા ખાંડેકર હતા. મધુર કંઠ દ્વારા વિવિધ રજૂઆત કરવામાં આવી. વાસંતી ખાંડેકર, નીરજ પાઠક તથા પંકજ પાઠકે એક-એક ગીતની સરસ રજૂઆત કરી. સુધીરભાઈ (વાયોલિન) અને શરદ ખાંડેકર (કીબોર્ડ)ની સંગતમાં મહેમાન કલાકાર તરીકે સુવિખ્યાત ગાયક બંકિમ પાઠકે સુધીરભાઈનું અભિવાદન કરીને ચોસેફ મૅકવાનની ગઝલ 'બળબળતા તડકાના જેવું'ની રજૂઆત

કરીને શ્રોતાઓને ભૂતકાળમાં ધકેલી દીધા. અનાહત ખાંડેકરે (ઉ.વ.૧૧) શ્રોતાઓની વાહવાહ મેળવી. સુધીરભાઈના લગભગ બધાં જ સ્વરાંકનો ૩૦-૩૨ વર્ષ પૂર્વેના હોવા છતાં તેમની અલગ ભાત પાડતી શૈલીનો જાદુ સમગ્ર કાર્યક્રમમાં છવાયેલો રહ્યો. ત્રણ દાયકા પહેલા આકાશવાણી કૉરલ ગ્રુપ અને યુનિવર્સિટી Choir Groupમાં ગવડાવેલાં બે વૃંદગાનની રજૂઆત કરવામાં આવી. આ સ્વરાંકનો પૈકી ગીતા પરીખની શબ્દરચના 'આ શ્રાવણની જલધારા' તથા 'ઉશનસ'ની શબ્દરચના 'એકલું એકલું એકલતામાં' રજૂ થયાં. સંગીત-ગુરૂ અનિકેત ખાંડેકરના ૨૫ શિષ્યોએ આ વૃંદગાન રજૂ કર્યું. સુધીરભાઈની સંગીતરચનાઓમાં શાસ્ત્રીય રાગો, મૉડ્યુલેશન અને કોર્ડ પ્રોગ્રેશનનો ખૂબ વિશિષ્ટ અને સમજદારીપૂર્વકનો પ્રયોગ હોય છે. અંતરોઓને પણ અલગ-અલગ રીતે સ્વરબદ્ધ કરવાનો તેમનો આગ્રહ શ્રોતાઓને સ્પર્શી ગયો.



સંગીતની પ્રસ્તુતિના મધ્યમાં સુશ્રી ડૉ. બિન્દુ ત્રિવેદીએ સુધીર ખાંડેકર અને શરદ ખાંડેકરનું ભાવપૂર્ણ રીતે સન્માન કર્યું. તેમના ટૂંકા વક્તવ્યને ભાવકોએ સ્ટેન્ડિંગ ઑવેશન આપ્યું. તે પછી જાણીતા પત્રકાર દક્ષેશ પાઠકે સુધીરભાઈના બહુ-આયામી જીવનના વિવિધ પાસાંઓને તેમની શિષ્ટ અને વિશિષ્ટ શૈલીમાં એક મનોગતની રીતે શ્રોતાઓ સમક્ષ મૂકયાં.

કાર્યક્રમમાં રજૂ થયેલ બે રચનાઓએ શ્રોતાઓના કાન ખરેખર સરવા કરી દીધા. પ્રથા ખાંડેકરે હર્ષ બ્રહ્મભટ્ટની ગઝલ 'શબ્દમાંથી અર્થ છૂટા થાય છે'ને ખૂબ તૈયારીથી કંઠિત કર્યું. આ ગઝલ અનુપ્રિત ખાંડેકરના 'સ્ટુડિયો અનાહતા'માં રેકોર્ડ કરેલ છે અને સુધીરભાઈએ એકલે હાથે ૧૨ વાયોલિન વગાડીને ગ્રુપ વાયોલિન્સની ઇફેક્ટ તેના ટ્રેકમાં આપેલ છે. કાર્યક્રમમાં આ ટ્રેક જ વગાડવામાં આવ્યો. બીજું ગીત સુરેશ દલાલનું 'આ આંખ મળી તો મળ્યું આભ' આ ગુજરાતી ગીતને અનુપ્રિત ખાંડેકરે વેસ્ટર્ન સિમ્ફનીની સ્ટાઇલમાં ઍરેન્જ કરીને સંપૂર્ણ પ્રોગ્રામિંગ કર્યું છે. આ ટ્રેક પણ શ્રોતાઓમાં પ્રશંસાને પાત્ર થયો. અન્ય આકર્ષણમાં સુધીરભાઈએ બે ગીતો વાયોલિન સોલો વગાડી તાળીઓ મેળવી. અનિકેત ખાંડેકરની સુધીરભાઈ રચિત રાગ રાગેશ્રીની બંદિશ પણ સુંદર રહી.



આ સમગ્ર કાર્યક્રમનું ઑરકેસ્ટ્રા સંચાલન (કીબોર્ડ વગાડવા ઉપરાંત) અનુપ્રિત ખાંડેકરે કર્યું. જેમાં સંકેત ખાંડેકર (ગિટાર), અક્ષત ખાંડેકર (કીબોર્ડ) અને રિશીન સરૈયા (રીધમ એરેન્જર)નો વિશેષ ફાળો રહ્યો. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન દધીચિ ઠાકરે કર્યું. આ સુગમસંગીતની 'સ્વર-કલ્પના'માં પ્રતિષ્ઠિત કવિઓ રમેશ પારેખ, સુરેશ દલાલ, માધવ રામાનુજ, વાસુદેવ પાઠક, ભાસ્કર વોરા, નટરાજ બ્રહ્મભટ્ટ, હર્ષ બ્રહ્મભટ્ટ, યૉસેફ મૅકવાન, મૂકેશ જોશી અને અમર પાલનપુરીની ઉત્તમ કૃતિઓનો સમાવેશ હતો.

'સ્વર-કલ્પના'ને બિરદાવવા હસિત વોરા, મૂકેશ પટેલ, નિરુપમ નાણાવટી. આશિષ સોપારકર, ડૉ. સુધીર શાહ, ડૉ. જયેશ ત્રિવેદી, ડૉ. તરુણ દવે, માલવ દિવેટિયા, નયન પંચોલી, દક્ષા ગોહિલ, માયા દીપક, વાસુદેવ પાઠક જેવા અનેક મહાનુભાવો તથા ઘણી મોટી સંખ્યામાં રસિક શ્રોતાઓ ઉપસ્થિત રહ્યા હતા. આ ભવ્ય સમારોહનું સફળ ઇવેન્ટ મેનેજમેન્ટ 'Eternity'ના સંચાલિકા નીતિ ખાંડેકરનું હતું.

# ડૉ. માણેક પટેલ 'સેતુ'ની પંચોતેર વર્ષની આયુષ્યયાત્રા 'માણેકોત્સવ' સ્વરૂપે ઉજવાઈ






અમદાવાદના જાણીતા ડેન્ટિસ્ટ તેમજ અમદાવાદ શહેર વિષયક સાહિત્યના સંશોધક અને લેખક ડૉ. માણેક પટેલ 'સેતુ'ની પંચોતેર વર્ષની આયુષ્યયાત્રાની અનોખી રીતે ઉજવણી કરવામાં આવી. તારીખ ૧૫ ફેબ્રુઆરીના રોજ અમદાવાદના જે. બી. ઑડિટોરીયમ ખાતે ડૉ. માણેક પટેલ અભિવાદન સમિતિ દ્વારા 'માણેકોત્સવ' ઉજવાયો હતો.

આ પ્રસંગે પોતાના મિત્રો સાથેના મીઠાં સંસ્મરણો આલેખતા ગ્રંથ 'મૈત્રી-માધુર્ય' પુસ્તકનું વિમોચન હાસ્યલેખક રતિલાલ બોરીસાગરના વરદ્ હસ્તે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન ડૉ. માણેક પટેલ 'સેતુ' દ્વારા નિર્મિત 'ગાંધી@અહમદાબાદ' દસ્તાવેજી ફિલ્મ દર્શાવવામાં આવી હતી. મૈત્રીભાવનું પવિત્ર ઝરણું વિશે જાણીતા કવિ ભાગ્યેશ જહા અને 'સેતુ'ની ગાંધીયાત્રા વિશે ગૂજરાત વિદ્યાપીઠના વાઇસ ચાન્સલેર ડૉ. અનામિક શાહે વક્તવ્ય આપ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન નીલા પટેલે સંભાળ્યું હતું. આ પ્રસંગે સાહિત્યકારો અને સાહિત્યપ્રેમીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# શ્યામલ-સૌમિલ અને આરતી મુનશી 'મ્યુઝિકલ મસ્તી ૨૦૨૦'






તાજેતરમાં રાજકોટ ખાતે ISGCON-એન્ડોસ્કોપી એન્ડ ગેસ્ટ્રોએન્ટરોલોજી કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું. આ પ્રસંગે કવિશ્રી તુષાર શુક્લએ 'પ્રેમનું પાચનતંત્ર' વિષય ઉપર ટોક આપી હતી. જે ખાવામાં સહેલો, પચવામાં કઠણ અને સ્વસ્થ્ય રહેવા માટે જરૂરી છે એવા પ્રેમ પદારથની રસઝરતી થાળી ધરી હતી. ત્યાર બાદ આરતી મુનશી અને શ્યામલ-સૌમિલ મુનશીએ 'મ્યુઝિકલ મસ્તી ૨૦૨૦' નામે સંગીતનો કાર્યક્રમ પ્રસ્તુત કર્યો હતો. લોકપ્રિય ગુજરાતી ગીતો તેમજ તેમના મૌલિક સ્વરાંકનોની રજૂઆત દ્વારા ઉપસ્થિત સૌ ડૉક્ટર્સને રસતરબોળ કર્યા હતા.



શ્યામલ મુનશીએ પોતાની હાસ્ય રચનાઓની પ્રસ્તુતિ કરી હતી અને સૌને આનંદિત કર્યા હતા. આખા દિવસની એકેડેમિક સેશન્સ પછી સાહિત્ય અને સંગીતની આ રસસભર રજૂઆત સૌએ મન ભરીને માણી હતી.

# અમદાવાદમાં ઉજવાયો : ગુલમ્હોરી સાંજનો મિજાજ 'સ્વરોત્સવ'





સ્વરોત્સવ ફાઉન્ડેશનના ઉપક્રમે સતત ચોથા વર્ષે 'સ્વરોત્સવ'નું આયોજન કરવામાં આવ્યું હતું. અમદાવાદના 'રજવાડું' ખાતે તારીખ ૨૧થી ૨૩ એમ ત્રણ દિવસનો સાંસ્કૃતિક ઉત્સવ યોજાઈ ગયો. 'સ્વરોત્સવ'નો પ્રારંભ ભૂમિ ત્રિવેદીના 'વાગ્યો રે ઢોલ' ગીત સાથે કરવામાં આવ્યો. બાદમાં 'રંગભૂમિની મોસમ, ફિલમની ફોરમ'માં પ્રતિક ગાંધી, ચિરાગ વોરા અને સંજય ગોરડિયાએ જલસો કરાવ્યો. પદ્મશ્રી સરિતા જોષીની વિશેષ ઉપસ્થિતિથી ફરી 'સંતુ રંગીલી'ના એક દૃશ્યનું મંચન થયું. પદ્મશ્રી ભીખુદાન ગઢવીએ દ્વારા લોકમેળાની વિરાસત જીવંત થઈ હતી. કાર્યક્રમનું સંચાલન હેમંત નાણાવટી દ્વારા કરવામાં આવ્યું હતું.





કાર્યક્રમના બીજા દિવસે 'શબ્દોની ૨૦-૨૦'માં રાહત ઈન્દોરી, ખલીલ ધનતેજવી, અનિલ જોશી, મેગી અસનાની, તાહા મન્સૂરી, સૌમ્ય જોશી અને અંકિત ત્રિવેદીએ શબ્દોની મહેફિલ જમાવી હતી. 'સમી સાંજના શમિયાણામાં' ઓસમાણ મીરના કંઠનો જાદુ રેલાયો હતો.

'સ્વરોત્સવ'ની અંતિમ રાત્રિના કાર્યક્રમમાં 'સુગમ સિમ્ફની'માં વિરાજ-બિજલ ઉપાધ્યાય, ગાર્ગી વોરા, દિવ્યાંગ અંજારિયા, આનલ વસાવડા, પરાગી અમર, ધ્રુવીશ શાહ, નિરવ વૈદ્ય, જૈમિન વૈદ્ય, શ્રુતિ સોની, ભૂમિ દેસાઈ, મૌરવી મુનશી, ફોરમ પરીખ, બંસરી મૈસુરીયા, દેવર્ષિ સોનેજી, ભૂમિ શુક્લ, ધવલ કઠવાડીયા, તપન ચૌહાણ અને યશ ગોસ્વામીએ યાદગાર અને સદાબહાર ગીતોની રજૂઆત કરી હતી. જેમાં જાણીતા પાર્શ્વગાયક જસપિન્દર નરૂલા, સંગીતકાર ગૌરાંગ વ્યાસ અને ફિલ્મના જાણીતા એક્ટર અસરાની ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન કવિ અંકિત ત્રિવેદીએ તેમની આગવી શૈલીમાં કરી શ્રોતાઓને મંત્રમુગ્ધ હતા.



રજવાડુંના રાજેશ શાહ અને કવિ અંકિત ત્રિવેદીના આયોજન 'સ્વરોત્સવ'ને કલાપ્રેમી ભાવકોએ ખરા દિલથી વધાવી લીધો હતો.



# ૧૯મા ટ્રાન્સમીડિયા ઍવોર્ડમાં સન્માનિત થયા કલાકાર-કસબીઓ





ગુજરાતી ફિલ્મ-ટીવી અને તખ્તાના કલાકારોને સન્માનતો ઓગણીસમો 'ટ્રાન્સમીડિયા' એવોર્ડ તારીખ ૨૯ ફેબ્રુઆરીના રોજ મુંબઈ ખાતે સંપન્ન થયો. મુંબઈના આંગણે પંચાવન જેટલા ગુજરાતી કલાકાર કસબીઓનું સન્માન કરવામાં આવ્યું.

સાંસદ શ્રી મનોજ કોટક ઉપરાંત લોટસ ગ્રુપના શ્રી આનંદ પંડિત, પેન વિડીયોના જયંતિ ગડા, પાટીદાર સમાજના ભાર્ગવ પટેલ, ઈસ્કોન ગ્રુપના પ્રવીણ કોટક, ટ્રાન્સમીડિયાના જસ્મીન શાહ તેમજ ધારાસભ્ય અને કલાકાર હિતુ કનોડિયા સાથે અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. બિંદુ ઝવેરી, કિરણકુમાર, મુન્નાભાઈ ફેમ કુરુષ ડેબુ, અનુપ જલોટા, સુજાતા મહેતા, સચિન સંઘવી, ભૂમિ ત્રિવેદી, ઓસમાણ મીર સહિત કલાજગતના અનેક જાણીતા કલાકારો તેમજ વર્ષા અડાલજા, વિહંગ મહેતા, હરીશ ભીમાણી અને સલીલ દલાલ વિશેષ ઉપસ્થિત રહી સમારંભને દીપાવ્યો હતો.



આ વર્ષે રાષ્ટ્રીય સન્માન મેળવનાર ફિલ્મ 'હેલ્લારો', નાટક 'સફરજન' તેમજ ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતિ નિમિતે ગુજરાત સરકાર અને શ્રીમદ્ રાજચંદ્ર મિશન,

ધરમપુર નિર્મિત 'ભારત ભાગ્ય વિધાતા' નાટકને વિશેષ એવાર્ડથી સન્માનિત કરાયા હતા.



'અભિલાષા એક અસ્તિત્વની' શ્રેષ્ઠ ટીવી સીરીયલ જાહેર થઈ. ફિલ્મ 'મોન્ટુની બીટ્ટુ' સૌથી વધુ ૬ એવોર્ડ સાથે અને ફિલ્મ 'ગુજરાત ઇલેવન' ૪ એવાર્ડ સાથે શ્રેષ્ઠ ફિલ્મ જાહેર થઈ. 'મોન્ટુની બીટ્ટુ'ના મૌલિક નાયક શ્રેષ્ઠ અભિનેતા અને 'ગુજરાત ઇલેવન'ની ડેઈઝી શાહ શ્રેષ્ઠ અભિનેત્રી જાહેર થયા.



ટ્રાન્સમીડિયા સ્વ. ગોવિંદભાઈ પટેલ મહારથી એવોર્ડ બોલીવુડના જાણીતા નિર્માતા આનંદ પંડિતને, ટ્રાન્સમીડિયા સ્વ. હેમુ ગઢવી એવોર્ડ જાણીતા પાર્શ્વ ગાયક પ્રફુલ દવેને, ટ્રાન્સ મીડિયા શ્રી મહેશ નરેશ એવોર્ડ સંગીતકાર બેલડી કેદાર-ભાર્ગવને, ટ્રાન્સમીડિયા ફીચર ફિલ્મનો ૨૦૧૯નો શ્રેષ્ઠ રાષ્ટ્રીય એવોર્ડ મેળવનાર ટીમ હેલ્લારોને, ટ્રાન્સમીડિયા લાઇફ ટાઇમ એચીવમેન્ટ એવોર્ડ (પુરૂષ) શ્રી ફિરોઝ ઇરાનીને, ટ્રાન્સમીડિયા લાઇફ ટાઇમ એચીવમેન્ટ એવોર્ડ (સ્ત્રી) સુ શ્રી મીનળ પટેલને એનાયત થયા હતા.



આ ઉપરાંત ગુજરાત નાટક એવોર્ડ, ટીવી સિરિયલ એવોર્ડ, મુંબઈ નાટક એવોર્ડ, વિશેષ એવોર્ડ, ગુજરાતી ફિલ્મ જેવા વિવિધ વિભાગોમાં વિજેતા કલાકારોને એવોર્ડ આપી સન્માનિત કરાયા હતા. કાર્યક્રમનું સંચાલન મહેક ભટ્ટ-સન્ની પંચોલી, અમી ત્રિવેદી-આનંદ ગોરડીયા, આર. જે. દેવકી-હર્ષે સંભાળ્યું હતું.



# ગુજરાતી માતૃભાષાના સંદર્ભમાં વિશ્વકોશ ટ્રસ્ટના બે વિશિષ્ટ આયોજનો



ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના ઉપક્રમે માતૃભાષા દિવસના સંદર્ભમાં ગુજરાતી ભાષામાં સર્વપ્રથમ વિજ્ઞાનકોશનાં પ્રકાશનનું કાર્ય હાથ પર ધરવામાં આવ્યું છે. ખગોળશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર, અંતરીક્ષ વિજ્ઞાન, વનસ્પતિશાસ્ત્ર, પ્રાણીશાસ્ત્ર, સૂક્ષ્મજીવશાસ્ત્ર, ભૂસ્તરશાસ્ત્ર અને ખનીજશાસ્ત્ર મેડિકલ સાયન્સ જેવાં વિજ્ઞાનનાં જુદાં જુદાં વિષયો અંગે વિશાળ પાયા પર વિજ્ઞાનકોશ તૈયાર થઈ રહ્યો છે. જેમાં સંસ્થાના એ. એમ. વૈદ્ય, પ્રા. ડૉ. બી. સી. પટેલ, ડૉ. સુશ્રુત પટેલ, ડૉ. ચિંતન ભટ્ટ, ડૉ. કિશોર પંડ્યા, ડૉ. પી. બી. પટેલ, ડૉ. ડી. સી. ભટ્ટ, ડૉ. પૂર્વી ઝવેરી, ડૉ. નીલા ઉપાધ્યાય જેવાં વિજ્ઞાનનાં જુદાં જુદાં વિષયનાં તજજ્ઞો દ્વારા પાંચ ભાગમાં આ વિશ્વકોશ તૈયાર થશે. સામાન્ય રીતે વિજ્ઞાનનાં કોઈ એક વિષય પર પારિભાષિક કોશ કે વિજ્ઞાનકોશ મળતા હોય છે, પરંતુ ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટે એક સમગ્ર વિજ્ઞાનકોશ તૈયાર કરવાનું કાર્ય હાથ ધર્યું છે. આને માટે છોટુભાઈ સુથાર, પરંતપ પાઠક, પી. સી. પટેલ, જે. જે. ત્રિવેદી, જે. ડી. તલાટી વગેરેના લેખો પણ સામેલ કરવામાં આવશે. આ ઉપરાંત માતૃભાષા દિવસના સંદર્ભમાં ૨૨મી ફેબ્રુઆરી, શનિવારે વિશ્વકોશભવનમાં એક વિશિષ્ટ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં બાળકો એમને કેવાં પુસ્તકો ગમે છે અને કેવાં ગમતા નથી તેની સાહિત્યકારો સમક્ષ બાળવાચકોએ રજૂઆત કરી હતી. આ વિશિષ્ટ કાર્યક્રમમાં ધીરુબહેન પટેલ, ચંદ્રકાન્ત શેઠ, કુમારપાળ દેસાઈ અને અનિલ રાવલે વક્તવ્ય આપ્યાં તેમજ યશવંત મહેતા, યોગેશ જોશી, હરિકૃષ્ણ પાઠક, શ્રદ્ધા ત્રિવેદી, પ્રીતિ શાહ, યોસેફ મેકવાન, લતા હિરાણી, અંજના ભગવતી જેવાં ૨૨ બાળસાહિત્યકારો, બાળકો તથા વાલીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# મહાશિવરાત્રીના પાવન અવસરે લોકરંગ મહોત્સવ ઉજવાયો




મહાશિવરાત્રીના પાવન અવસરે સોમનાથ ટ્રસ્ટ, સંસ્કારભારતી, ગુજરાત રાજ્ય સંગીત, નાટક એકેડમી તથા પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ, ગાંધીનગરના સહયોગથી એક વિશિષ્ટ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ભારતના વિવિધ રાજ્યોની ભાતીગળ લોકસંસ્કૃતિને ઉજાગર કરતો લોકરંગ મહોત્સવનું આયોજન તારીખ ૨૦ થી ૨૨ ફેબ્રુઆરી દરમિયાન કરવામાં આવ્યું હતું.

તારીખ ૨૧ ફેબ્રુઆરી, મહાશિવરાત્રીના રોજ આરતી મુનશી તથા શ્યામલ-સૌમિલ દ્વારા ગુજરાતી ગીત-સંગીતની રજૂઆત કરવામાં આવી હતી. કાર્યક્રમનો પ્રારંભ ભગવાન શિવની સ્તુતિ દ્વારા કરવામાં આવ્યો. યોગાનુયોગ આ દિવસ વિશ્વમાતૃભાષા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. તેથી માતૃભાષાને તેમજ ગુજરાત રાજ્યની ગરીમાને ગૌરવ આપતા કેટલાંક ગીતોની રજૂઆત આ કલાકારો દ્વારા કરવામાં આવી. અસંખ્ય માનવમહેરામણની ઉપસ્થિતિમાં કલાકારોએ કેટલાંક જાણીતા ગુજરાતી ગીતો પોતાના મૌલિક સ્વરાંકનોની પણ રજૂઆત કરી હતી. ગુજરાતી રંગભૂમિના ગીતોની રજૂઆત તેમજ અંતમાં રાસ-ગરબાની રમઝટ રેલાવી હતી.



આ પ્રસંગે સોમનાથ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ, ગુજરાત રાજ્ય સંગીત નાટક એકેડમીના અધ્યક્ષ પંકજ ભટ્ટ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તુષાર જોશીએ આ કાર્યક્રમનું સંકલન કર્યું હતું અને આ પ્રસંગે શ્રી પી. કે. લહેરી તથા વિજયસિંહ ચાવડાનો આભાર માન્યો હતો. સંસ્કારભારતીના વિજયભાઈ ભટ્ટે કલાકારોનું સ્મૃતિચિહન વડે સન્માન કર્યું હતું.

# ગાયન, વાદન અને નર્તનના ત્રિવેણીસંગમ અનુષ્ઠાન પર્વ-૪ ઉજવાશે




ગુજરાતની સાંસ્કૃતિક અસ્મિતાના જતન અને સંવર્ધનના ઊર્ધ્વમૂલ આશયથી આરંભાયેલ અનુષ્ઠાન પર્વ-૪ તારીખ ૨૭ અને ૨૮ માર્ચના રોજ પંડિત દિનદયાલ ઉપાધ્યાય ઓડિટોરિયમ ખાતે યોજવામાં આવશે. ગાયન, વાદન અને નર્તનના ત્રિવેણીસંગમ સમું આ પર્વ સૌ શ્રોતાઓને મંત્રમુગ્ધ થવાનો તેમજ ભાવકોને એક સંતર્પક અનુભવ આપનાર બની રહેશે. નિશ્ચિત ધ્યેય સાથે, સંપૂર્ણ શ્રદ્ધા અને ઇચ્છાશક્તિ વડે તેમજ પ્રમાણિક અને દ્રઢ પ્રયાસો થકી અગાઉના તમામ પર્વો સૌએ ભરપુર માણ્યા છે વખાણ્યા છે.

દીપ્તિમંત દ્વિદિવસીય સંગીત મહેફિલ આ વર્ષે પણ ભાવકોનું તેમજ જનસાધારણનું મનોરંજન કરશે એવી પરિકલ્પના કરવામાં આવી છે. કલાજગત સાથે સંકળાયેલા કલા-કસબીઓની અનેરી સંગત અનુષ્ઠાન પર્વ-૪ને યાદગાર બનાવશે.

‘કવિતાનો શબ્દ’ થકી કવિ હર્ષ બ્રહ્મભટ્ટ, અનિલ ચાવડા, મધુસુદન પટેલ, ઉદયન ઠક્કર, રાજેશ વ્યાસ ‘મિસ્કીન’, કૃષ્ણ દવે કાવ્યપાઠ કરશે. બીજા દિવસે આ જ શીર્ષક અંતર્ગત કેતન કારિયા, બાબુલાલ ચાવડા, જુગલ દરજી, કુણાલ શાહ, તેજસ દવે અને ભાવિન ગોપાણી પોતાની કવિતાનું પઠન કરશે. આનર્ત ફાઉન્ડેશનના કલાકારો મૌલિક શાહ અને ઈશીરા પરીખની નૃત્યગૂંથણી દ્વારા કથક નૃત્ય પ્રસ્તુત કરશે જ્યારે નૃત્યભારતીના કલાકારો ચંદન ઠાકોર અને નિરાલી ઠાકોરના નૃત્ય નિર્દેશન દ્વારા ‘નૃત્યવંદના’ પ્રસ્તુત કરશે.

બંને દિવસે પરિસંવાદનું આયોજન પણ કરવામાં આવ્યું છે. જાણીતા અને લોકપ્રિય વક્તા જય વસાવડા અને નેહલ ગઢવી ‘વર્તમાન શિક્ષણ વ્યવસ્થા અને યુવાનોની અપેક્ષા’ વિશે પોતાના વિચારો રજૂ કરશે. ‘અભિવ્યક્તિનો ઓક્સિજન’—એક સહિયારું પ્રિસ્ક્રીપ્શન સાહિત્ય જગત સાથે સંકળાયેલા બે ડૉક્ટર્સ ડૉ. નિમિત્ત ઓઝા અને ડૉ. રઇશ મનીઆર રજૂ કરશે.


અનુષ્ઠાન પર્વ તેની નાવીન્યસભર રજૂઆત માટે લોકપ્રિય રહ્યું છે આ વર્ષે પણ આવી બે વિશિષ્ટ રજૂઆત કરવામાં આવશે. આલાપ દેસાઈના સંચાલન હેઠળ ‘ડ્રમ્સ ઑફ ઇન્ડિયા’ની પ્રસ્તુતિ થશે જ્યારે બ્રહ્માંડ બેન્ડ દ્વારા ક્લાસિકલ અને બોલીવૂડ ફ્યુઝન રજૂ થશે. જેનું સંગીત સંયોજન ભગીરથ ભટ્ટ દ્વારા કરવામાં આવશે. સ્મિત પંડ્યા દ્વારા બંને દિવસ સ્ટેન્ડઅપ કોમેડી રજૂ કરાશે જેમાં સૌ હાસ્યતરબોળ થશે.

‘ગીતમંજૂષા’ અંતર્ગત વિશ્વનાથ બાટુંગે, સલીમ મલિક, સિદ્ધાર્થ ભાવસાર, દર્શના ગાંધી ઠક્કર, પાયલ વખારિયા હિંદી ફિલ્મ જગતનાં પાર્શ્વગાયકોએ ગાયેલાં ગુજરાતી ગીતોની રજૂઆત કરશે. ‘ગીતગુલાબી’ના પ્રથમ દિવસે ગુજરાતી કાવ્ય સંગીતની પ્રસ્તુતિ આલાપ દેસાઈ, સુરેશ જોશી, નયનેશ જાની, પ્રહર વોરા, અક્ષત પરીખ, દર્શના ગાંધી ઠક્કર, ડૉ. સાવની શાહ, ડૉ. પાયલ વખારિયા કરશે જ્યારે બીજા દિવસે અનિકેત ખાંડેકર, પાર્થ ઓઝા, હિમાલી વ્યાસ નાયક, ડૉ. ફાલ્ગુની ડૉક્ટર, અમન લેખડિયા, પ્રથા


હર્ષ બ્રહ્મભટ્ટ


તુષાર શુક્લ


સૌમિલ મુનશી


શ્યામલ મુનશી


માલવ દિવેટીઆ

ખાંડેકર, બલરાજ શાસ્ત્રી અને અર્ચિત પાટડિયા દ્વારા ગીતોની રજૂઆત કરવામાં આવશે.

સમગ્ર કાર્યક્રમનું સંગીત સંચાલન નવયુવાન સંગીતકાર પ્રહર વોરા દ્વારા જ્યારે પ્રથમ દિવસનું શબ્દસંચાલન તુષાર જોશી દ્વારા અને બીજા દિવસનું સંચાલન લિપિ ઓઝા દ્વારા કરવામાં આવશે.

અનુષ્ઠાન કાર્યવાહક સમિતિ તેમજ કવિ હર્ષ બ્રહ્મભટ્ટના માર્ગદર્શનથી યોજાનાર અનુષ્ઠાન પર્વ સૌ ગુજરાતીઓનું પર્વ બની રહેશે.

- **વિશેષ વિગતો અને અન્ય માહિતી માટે સંપર્ક: ૭૦૭, શિતીરત્ન, પંચવટી સર્કલ પાસે, એલિસબ્રીજ, અમદાવાદ. (મો) ૯૮૨૫૪૦૦૧૬૪, ૯૮૨૫૬૧૧૯૩૫**

## અનુષ્ઠાનના મંચ પર સૌપ્રથમવાર જ રજૂ થયેલી પ્રસ્તુતિઓ

**અનુષ્ઠાન પર્વ-૧ (૨૦૧૪)**

સૂર કલ્યાણ - રાગ કલ્યાણ આધારિત સહિયારી પ્રસ્તુતિ

**અનુષ્ઠાન પર્વ-૨ (૨૦૧૫)**

આસ્થાનું અજવાળું
પરિઘની પેલે પાર - એક આનંદદાયક આશ્ચર્યનો અનુભવ
વરદાન - ગાયન, વાદન અને નર્તનનો દિવ્ય સંગીત-સંવાદ
વાગ્યું તે વાજિંતર - નવી વાત - અવનવી રજૂઆત ૧. કપસોંગ ૨. ચાયતરંગ

**અનુષ્ઠાન પર્વ-3 (૨૦૧૭)**

આસ્થાનું અજવાળું - સરસ્વતી વંદના
સ્વરથી ઈશ્વર
શિવ સ્વર
ભવાની ભૈરવી
આકાપેલા બીટબોક્સ
Projection જીવન
ઓપ્ટિકલ ઈલ્યુઝન 'કાળું-ધોળું'



## જન્મદિવસ શુભ હો... શુભદાયી...

૧ એપ્રિલ: **મયંક દવે** (સંગીતકાર, ગાંધીનગર)

૧ એપ્રિલ: **પાયલ વખારિયા રાવલ** (ગાયિકા, અમદાવાદ)

૧ એપ્રિલ: **ગૌરવી અધ્યારુ** (ગાયિકા, અમદાવાદ)

૧ એપ્રિલ: **કિશોરસિંહ સોલંકી** (સાહિત્યકાર, અમદાવાદ)

૩ એપ્રિલ: **અમિત મહેતા** (ગાયક, સંગીતકાર, અમદાવાદ)

૩ એપ્રિલ: **સુધા સુંદરમ** (લેખિકા, પોંડીચેરી)

૩ એપ્રિલ: **હરીહરન** (પાર્શ્વગાયક, મુંબઈ)

૩ એપ્રિલ: **જગદીશ ત્રિવેદી** (લેખક, ભાવનગર)

૩ એપ્રિલ: **હિમાંશુ જોશી** (કવિ, સાહિત્યકાર, મુંબઈ)

૪ એપ્રિલ: **ઋતુ મિસ્ત્રી** (ગાયિકા, ભાવનગર)

૪ એપ્રિલ: **સતીન દેસાઈ 'પરવેઝ'** (કવિ, દાહોદ)

૪ એપ્રિલ: **કિસન સોસા 'અનામય'** (કવિ, બાળસાહિત્યકાર, સુરત)

૫ એપ્રિલ: **રણછોડ સોલંકી** (ભવાઈ કલાકાર, ભાવનગર)

૫ એપ્રિલ: **નલિની માડગાંવકર** (કવયિત્રી, મુંબઈ)

૭ એપ્રિલ: **જિતુદાન ગઢવી-જીગર વાંકાનેરી** (કવિ, સાહિત્યકાર, અમદાવાદ)

૮ એપ્રિલ: **ડૉ. નિમિશ શાહ** (ગાયક, અમદાવાદ)

૮ એપ્રિલ: **ધ્વનિત ઠાકર** (આર. જે., અમદાવાદ)

૯ એપ્રિલ: **હેમેન શાહ** (કવિ, મુંબઈ)

૯ એપ્રિલ: **પિંકી અવસ્થી** (ઉદ્‌ઘોષક, ભાવનગર)

૯ એપ્રિલ: **ગાર્ગી શાહ** (ગાયિકા, અમદાવાદ)

૧૦ એપ્રિલ: **વર્ષા અડાલજા** (ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ, મુંબઈ)

૧૦ એપ્રિલ: **રૂપા દિવેટિયા** (નાટ્યકલાકાર, મુંબઈ)

૧૦ એપ્રિલ: **અશ્વિન મહેતા** (ગાયક, મુંબઈ)

૧૦ એપ્રિલ: **મેઘના દેસાઈ** (નૃત્યાંગના, ભાવનગર)

૧૧ એપ્રિલ: **માતંગ પરીખ** (વાદક કલાકાર-તબલા, ગાયક, અમદાવાદ)

૧૧ એપ્રિલ: **કલ્યાણી કૌઠાળકર** (ગાયિકા, અમદાવાદ)

૧૧ એપ્રિલ: **વર્ષા ત્રિવેદી** (ગાયિકા, ભાવનગર)

૧૧ એપ્રિલ: **પ્રફુલ્લ ભાવસાર** (દિગ્દર્શક, અમદાવાદ)



## સુખદાયી... ચિર આયુ પામો

૧૧ એપ્રિલ: **ટેમ્પુભાઈ** (વાદક કલાકાર-કી-બોર્ડ, અમદાવાદ)

૧૨ એપ્રિલ: **નીતિન મહેતા** (સાહિત્યકાર, મુંબઈ)

૧૩ એપ્રિલ: **ગૌરાંગ ઠાકર** (સાહિત્યકાર, સુરત)

૧૩ એપ્રિલ: **ઉર્વીશ વસાવડા** (કવિ, જૂનાગઢ)

૧૪ એપ્રિલ: **શ્યામલ મુનશી** (ગાયક, સ્વરકાર, કવિ, અમદાવાદ)

૧૪ એપ્રિલ: **કમલેશ ઝાલા** (વાદક કલાકાર-વાયોલીન, અમદાવાદ)

૧૪ એપ્રિલ: **મુંજાલ મહેતા** (તબલાવાદક, અમદાવાદ)

૧૮ એપ્રિલ: **મૃદુલા પરીખ** (ગાયિકા, અમદાવાદ)

૨૦ એપ્રિલ: **દાન વાઘેલા** (કવિ, ભાવનગર)

૨૦ એપ્રિલ: **ડંકેશ ઓઝા** (લેખક, ગાંધીનગર)

૨૧ એપ્રિલ: **સમીર રાજડા** (નાટ્યકલાકાર, મુંબઈ)

૨૧ એપ્રિલ: **હરિતા દેસાઈ** (ગાયિકા, કેનેડા)

૨૧ એપ્રિલ: **શ્રેયસ દવે** (વાદક કલાકાર-વાંસળી, અમદાવાદ)

૨૨ એપ્રિલ: **માધવ રામાનુજ** (કવિ, સાહિત્યકાર, અમદાવાદ)

૨૩ એપ્રિલ: **સંજીવ દર્શન** (સંગીતકાર, મુંબઈ)

૨૩ એપ્રિલ: **રાજુ પારેખ** (કવિ, ચિત્રકાર, ભાવનગર)

૨૪ એપ્રિલ: **દિલીપ રાઠોડ** (ચિત્રકાર, ફોટોગ્રાફર, ભાવનગર)

૨૪ એપ્રિલ: **ડૉ. ભાવના અંધારિયા મહેતા**
(ગાયિકા અને મ્યુઝિક થેરાપીસ્ટ, ભાવનગર)

૨૪ એપ્રિલ: **કવિતા પૌડવાલ** (ગાયિકા, મુંબઈ)

૨૫ એપ્રિલ: **જયદેવ શુક્લ** (કવિ, સાહિત્યકાર, વડોદરા)

૨૫ એપ્રિલ: **સત્યેન જગીવાલા** (ગાયક કલાકાર, સુરત)

૨૭ એપ્રિલ: **જિગીષા અર્ચન ત્રિવેદી** (વ્યંગ લેખિકા, અમદાવાદ)

૨૮ એપ્રિલ: **હિના નિસર્ગ ત્રિવેદી** (નાટ્યકલાકાર, અમદાવાદ)

૨૮ એપ્રિલ: **શર્મન જોશી** (ફિલ્મ અને નાટ્યકલાકાર, મુંબઈ)

૨૮ એપ્રિલ: **ડૉ. ફાલ્ગુની ડૉક્ટર** (ગાયિકા, અમદાવાદ)

૩૦ એપ્રિલ: **આતિશ કાપડિયા** (લેખક, નાટ્યકલાકાર, મુંબઈ)

૩૦ એપ્રિલ: **અનાર કઠિયારા શાહ** (ગાયિકા, વડોદરા)




વિશ્વપ્રસિદ્ધ IGI લેબ પ્રમાણિત

ફક્ત **VVS-EF** બેસ્ટ ક્વોલિટી હીરજડિત જ્વેલરી

પારૂમા
જ્વેલ્સ્
Exclusive Diamond Jewellery

"પારૂમા હાઉસ" નેહરુ નગર સર્કલ પાસે,અમદાવાદ-૧૫.
ફોન : ૦૭૯ - ૨૬૭૫૦૫૦૮, ૭૫૭૫૮ ૫૦૫૦૮

# પાણીજન્ય રોગોનો ફેલાવો અને ઉપાયો

## રોગના ફેલાવા માટે જવાબદાર પરિબળો


હાથની આંગળીઓ


મળમૂત્ર


જંતુ અને પાલતું પ્રાણીઓ


ખુલ્લામાં મળ ત્યાગ


દૂષિત ખાદ્ય પદાર્થ


દૂષિત પાણી

**ફેલાતા રોગો :**

ઝાડા, મરડો, ઝાડા-ઊલટી, ટાઈફોઈડ, કોલેરા, પોલિઓ, કમળો

## રોગચાળાથી બચવા આટલું કરો.


સંડાસનો ઉપયોગ કરવાથી


હાથને સાબુથી સારી રીતે ધુઓ


ચોખ્ખા પાણીના સ્રોતોનો યોગ્ય ઉપયોગ કરો


સ્વચ્છ, તાજો અને ઢાંકેલા ખોરાકનો ઉપયોગ કરો.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત રાજ્ય

Registered under RNI No.GUJGUJ/2011/44455. Permitted to post at Ahmedabad PSO on 14th Date of Every Month under
Postal Regd. No. GAMC-1533/2018-2020 valid upto 31/12/2020. Published on dated 10th. Posted on every month.

